ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૦૦ । વિક્રમ સંવત ૨૦૮૧ : કારતક વદ ૦૧ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 100 • Dt. 16-11-2024 Saturday • Page 10 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.09

બોડી અને માઇન્ડ પરફેક્ટ હશે તો ડિપ્રેશન નહીં આવે : સારા અલી ખાન



P.09

દિલજીત દોષંજ મુશ્કેલીમાં, સરકારે નોટિસ પાઠવી ૩ ગીત પર રોક લગાવી

ડીઆરડીઓના પિનાકા રોકેટનું સફળ પરીક્ષણ, રોકેટ સાથે અનેક લક્ષ્યો ઉપર છોડવામાં આવ્યા 09



**16**
NOVEMBER- 2024
SATURDAY



09 'પાવરફુલ બિઝનેસમેન ૨૦૨૪'ની યાદીમાં સામેલ થનાર અંબાણી એકમાત્ર ભારતીય

**ગુજરાતના દરિયાકાંઠેથી ફરીવાર ડ્રગ્સ ઝડપાયું**

**ATS અને NCBની સંયુક્ત કાર્યવાહીના આધારે મોટી માત્રમાં ડ્રગ્સ પકડવામાં આવ્યું । સેન્ટ્રલ એજન્સીઓ દ્વારા વિવિધ દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો । નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો દિલ્હીની ટીમને ઈનપુટ મળ્યા બાદ કાર્યવાહી**

# પોરબંદરના દરિયા કિનારેથી ૫૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

**મધદરિયે એક બોટમાંથી કરોડોની કિંમતનું સેંકડો કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું । તપાસ દરમિયાન અનેક ઘટસ્ફોટ થવાની શક્યતાઓ વધી**

। પ્રતિનિધિ, અપોરબંદર, તા.૧૫ ।

ગુજરાતના દરિયાકાંઠેથી ફરીવાર ડ્રગ્સ ઝડપાયું છે. જેમાં આ વખતે ૫૦૦ કરોડથી વધુની કિંમતનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. **ATS** અને **NCB**ની સંયુક્ત કાર્યવાહીના આધારે મોટી માત્રમાં ડ્રગ્સ પકડવામાં આવ્યું હતુ. ત્યારે સૂત્રોના જણાવ્યા અનુસાર ટૂંક સમયમાં ડ્રગ્સનો જથ્થો પોરબંદર પોર્ટ ઉપર લાવવામાં આવશે.

પોરબંદરનો દરિયાકાંઠો ફરી એક વખત ચર્ચામાં આવ્યો છે. મધદરિયે એક બોટમાંથી કરોડોની કિંમતનું સેંકડો કિલો ડ્રગ્સ સેન્ટ્રલ એજન્સી દ્વારા પકડી પાડવામાં આવ્યું છે. તેમાં પણ ખાસ કરીને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો દિલ્હીની ટીમને કેટલાક મહત્ત્વપૂર્ણ ઈનપુટ મળ્યા હતા. જેમાં ગુજરાતના દરિયામાં મોટા પ્રમાણમાં ડ્રગ્સ સાથે એક બોટ આવવાની બાતમી મળી હતી. જેના આધારે તેને આંતરવા માટે **NCB** દિલ્હીની ટીમે નેવીની મદદ લીધી હતી.દેશનો દરિયા કિનારો ૭૫૧૭ કિ.મી લાંબો છે. જેમાં પણ ગુજરાત પાસે ૧૬૪૦ કિ.મી લાંબો દરિયા કિનારો છે. કિનારા પર ૧૪૪થી વધુ નાના-મોટા ટાપુ છે, સાથો સાથ પ ાકિસ્તાની દરિયાઈ સરહદ નજીક છે.



**ડ્રગ્સ ગુજરાતમાં પણ ધનિકવર્ગમાં ડ્રગ્સની ખરીદીનું પ્રમાણ વધ્યું**

ડ્રગ્સની હેરફેર પાકિસ્તાન અને ઈરાન કરે છે. પાકિસ્તાનનું કરાચી બંદર અને ઈરાનના ચાબહાર બંદરની ભૂમિકા મુખ્ય રહે છે. ભૌગોલિક રીતે ગુજરાતનો દરિયાકિનારો નજીક છે અને ગુજરાતનો ઉપયોગ અવર-જવર માટે કરવામાં આવે છે. ડ્રગ હેન્ડલર્સને અન્ય દેશની સીમામાં પહોંચાડવા પ્રયાસ કરે છે તેમજ ગુજરાતથી મુંબઈ સહિત દેશના અનેક રાજ્યમાં મોકલવામાં આવે છે. ડ્રગ્સ ગુજરાતમાં પણ ધનિકવર્ગમાં ડ્રગ્સની ખરીદીનું પ્રમાણ વધ્યું છે.

**પોલીસ ડિપાર્ટમેન્ટમાં હોવુ એટલે વૈભવી લાઇફ સ્ટાઇલ**

# અમદાવાદમાં ઘણા પોલીસ કર્મચારીઓ મોંઘીદાટ ગાડીઓની માલિકો બન્યા !

**સામાન્ય રીતે પોલીસ કોન્સ્ટેબલના સત્તાવાર પગાર એટલો નથી કે તે આ બધી સુવિધાઓને માણી શકે**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૫ ।

પ્રિયાંશુ જૈનની હત્યા કરનાર વિરેન્દ્રસિંહ પઢેરિયા સામાન્ય પોલીસ કોન્સ્ટેબલ હોવા છતાંય, તેની પાસે ટાટા હેરિયર જેવી લક્ઝરી એસયુવી કાર હતી. સાથેસાથે બોપલ જેવા પોશ વિસ્તારમાં ફ્લેટ પણ હતો. પોલીસ વિભાગમાં કોન્સ્ટેબલનો હોદો મધ્યમ વર્ગની કેટેગરીમાં આવે છે. તેમ છતાંય, પ ોલીસ વિભાગમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલથી માંડીને આસીસટન્ટ સબ ઈન્સ્પ ેક્ટર સુધીના અનેક કર્મચારીઓની જીવન શૈલી મોટા અધિકારીઓની બરાબર હોય છે. જે પોલીસ વિભાગમાં ચાલતા ભ્રષ્ટ્રાચારને કારણે શક્ય બને છે. અમદાવાદ જ નહી પણ ગુજરાતના મોટાભાગના પોલીસ સ્ટેશનોમાં નોકરી કરતા પોલીસ કર્મચારીઓ પાસે મોંઘી એસયુવી કાર, આઈ ફોન કે અન્ય મોંઘાફોન અને ૧૦ થી ૧૫ હજારની કિંમતના સ્પોર્ટસ શુઝ હોવા સામાન્ય બાબત બની છે.સામાન્ય રીતે પોલીસ કોન્સ્ટેબલના સત્તાવાર પગાર એટલો નથી કે તે આ બધી સુવિધાઓને માણી શકે. પરંતુ, પોલીસ વિભાગમાં ચાલતા ભ્રષ્ટ્રાચારમાં આઈપીએસ અધિકારીઓ કમાતા હોય છે.


શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત

**કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર**

*Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University*

KAMLA AMRUT INSTITUTE OF NURSING



**પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪**

**B.Sc. Nursing**
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

**P.B.B.Sc. Nursing**
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

**GNM**
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ)
અને અંગ્રેજી

**ઉપલબ્ધ સુવિધાઓ**

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલ્ટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367



વીજળીના બિલને કરો (0)

Since 2013

Navkalp SOLAR

it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર



25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ **INDUSTRIAL** સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52


CMYK

## નવસારીના ઇન્સ્પેક્ટરે લાંચ પેટે માંગ્યો આઇફોન

। પ્રતિનિધિ, નવસારી, તા.૧૫ ।

નવસારીના ઈન્સ્પેક્ટરને લાંચ પેટે આઈફોન માંગવો ભારે પડી ગયો છે. તેના પગલે તરત જ તેની સામે ફરિયાદ નોંધાવાતા તેના પર પોલીસનો ફોન આવ્યો હતો. હવે તે જેલના સળિયા ગણી રહ્યો છે. નવસારીમાં ધોલાઈ બંદર પર પોલીસ અધિકારી દિનેશ જમનાદાસ કુબાવત તેમની કામગીરી બજાવી છે.નવસારી જીલ્લામાં આવેલ ધોલાઈ બંદર ખાતે જતી બોટોના માલિકને છુટક લાઈટ ડીઝલ ઓઈલનો પરવાનો ધરાવી વેચાણ કરે છે, આ કામના આક્ષેપિતે તેઓને અસલ પરવાનો લઈને પોલીસ સ્ટેશન બોલાવેલ અને તમારે છુટક લાઈટ ડીઝલનુ વેચાણ કરવુ હોય તો મારો વ્યવહાર કરવો પડશે નહીતર ધંધો બંધ કરાવી દઈશ તેમ કહી, હાલમાં નવો લોન્ચ થયેલ એપલ કંપનીના આઈફોનની માંગણી કરી હતી. પરંતુ ફરિયાદી એપલ કંપનીનો આઈફોન આપવા માંગતા ન હોય, એ.સી.બી.નો સંપર્ક કરી, ફરિયાદ કરેલ હતી.

## ખ્યાતી હોસ્પિટલની બેદરકારીથી વધુ એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૫ ।

ગરીબ લોકોને મફત સારવાર માટે કમાણીનું સાધન બનાવવા માટે ડોકટરો દ્વારા દર્દીઓને મારવાને કારણે વધુ એક દર્દીનું મોત થયું છે. અમદાવાદની ખ્યાતી હોસ્પિટલના તબીબોના કૌભાંડને કારણે વધુ એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. ખ્યાતી હોસ્પિટલના તબીબોની બેદરકારીના કારણે ગાંધીનગરના શેરથા ગામના એક વ્યક્તિનું મોત થયું છે.ખ્યાતી હોસ્પિટલની બેદરકારીના કારણે વધુ એક દર્દીનું મોત થયું છે. ખ્યાતી હોસ્પિટલના તબીબોની બેદરકારીના કારણે ગાંધીનગરના શેરથા ગામના એક વ્યક્તિનું કરૂણ મોત નિપજ્યું છે. હોસ્પિટલની બેદરકારીના કારણે ઓપરેશનના ત્રીજા દિવસે કનુભાઈ પટેલનું મોત થતાં ફરી એકવાર ખ્યાતી હોસ્પિટલમાં રોષ ફેલાયો છે.તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૨માં સરકારી યોજના માટે પૈસા એકઠા કરવા માટે ખ્યાતી હોસ્પિટલ એક ફ્રી કેમ્પનું આયોજન કરવા સામે આવી છે.

### આદિજાતિ વિભાગના યોજનાકીય લાભોનું લાભાર્થીઓને રાજ્યપાલના હસ્તે વિતરણ કરાયું

# દેશના પ્રધાનમંત્રી રાષ્ટ્રનો ખેડૂત સમૃદ્ધ બને તે દિશામાં સતત કામ કરી રહ્યા છે : રાજ્યપાલ

**વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને બોરસદ વિધાનસભાના ધારાસભ્ય રમણભાઈ સોલંકી અને ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવા ઉપસ્થિત રહ્યા હતા**

। પ્રતિનિધિ, ભરૂચ,તા.૧૫ ।

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં જનજાતિય ગૌરવ દિવસની ભરૂચ જિલ્લાના નેત્રંગ સ્થિત ભક્તિધામ સ્વામીનારાયણ મંદિર ખાતે ઉલ્લાસમય ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને બોરસદ વિધાનસભાના ધારાસભ્ય રમણભાઈ સોલંકી અને ભરૂચના સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા ઉપસ્થિત રહ્યા હતા.રૂઆદિવાસી જનનાયક ભગવાન બિરસા મુંડાની ૧૫૦ મી જન્મ જયંતિની સૌ આદિવાસી બાંધવોને શુભકામના પાઠવી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ઝારખંડના જમુઈ વિસ્તારના



ખૂંટી ખાતે સામાન્ય આદિવાસી પરિવારમાં જન્મેલા ભગવાન બિરસા મુંડાએ માત્ર ૨૫ વર્ષની નાની ઉંમરે અંગ્રેજો સામે બાથ ભીડી અને ભારતની આઝાદી માટે પોતાની સેના તૈયાર કરી એજ તેમની અદમ્ય શક્તિ, ન્યાયપ્રિયતા અને લોકો માટે લડવાના તેમના સાહસને આજે આપણે સૌ યાદ કરીએ છીએ. માત્ર એટલું જ નહીં પણ આદિવાસી સમાજમાં તે સમયે પ્રવર્તતા કેટલાંક કુરિવાજો અને વિકાસ માટેના અવરોધોને દૂર કરી અંધવિશ્વાસમાંથી બહાર લાવી, યુવાનોમાં જોવા મળતા વ્યસનોને દૂર કરી તેમણે આદર્શ જીવન જીવવાનો નવો રાહ ચીંધ્યો હતો. માત્ર ૨૫ વર્ષની ઉંમરે કરેલા મહાન કાર્યો બાદ ક્રાંતિકારી, પ્રગતિવાદી ભગવાન બિરસા મુંડાનું મૃત્યુ પણ કોઈ સામાન્ય બાબત નથી, તે આદિવાસી સમાજ સહિત સૌ કોઈ માટે પથદર્શક અને પ્રેરણા પૂરી પાડનાર છે. રાજ્યપાલે એમ પણ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આદિવાસી વિસ્તારોમાં પોતાના જીવનનો કેટલોક સમય વિતાવ્યો હતો. જેથી ગરીબીને તેમણે નજીકથી નિહાળી હતી. જેના પરિણામે તેઓએ ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં જનજાતિ સમુદાયના બાળકોના શિક્ષણ માટે અંતરિયાળ વિસ્તારોમાં મોડેલ સ્કૂલો, રેસિડેન્સિયલ શાળાઓના માધ્યમથી શિક્ષણની જ્યોતને વધુ મજબૂત કરી આદિવાસી સમુદાયના બાળકોને ઉચ્ચ શિક્ષણ અપાવ્યું. શહેર જેવી જ સુવિધા ગામડાઓમાં મળી રહે તે માટે અનેક માળખાકિય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી વિકાસના ફળ આદિવાસી સમુદાયના નાગરિકોને ચખાડ્યા છે.રાજ્યપાલએ વધુમાં ઉમેર્યું હતું કે, દેશના પ્રધાનમંત્રી રાષ્ટ્રનો ખેડૂત સમૃદ્ધ બને તે દિશામાં સતત કામ કરી રહ્યા છે. ગુજરાતના ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીને મિશનની માફક અપનાવી જેનાથી આજે રાજ્યમાં ૧૦ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. ભરૂચ જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શનમાં સમગ્ર જિલ્લામાં ચાર હજાર ખેડૂતોને પ્રાકૃતિક કૃષિનું પ્રમાણીકરણ મળ્યું જે અંગેના મિશનને રાજ્યપાલશ્રીએ બિરદાવ્યું હતું. આ નોંધાયેલા ખેડૂતો પોતાની પ્રાકૃતિક ખેતીની ઉપજને બજારમાં સારા ભાવે વેચીને આર્થિક સમૃદ્ધિ થકી પોતાના પરિવારને આત્મનિર્ભર બનાવી શકશે.

## અમદાવાદમાં બોપલમાં વધુ એક હત્યા, સીનિયર સિટિઝનનું માથું છૂંદી નંખાયું

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૫ ।

અમદાવાદના બોપલમાં એમઆઈસીએના વિદ્યાર્થી પ્રિયાંશુ જૈનની હત્યાના પાંચ દિવસ બાદ વધુ એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ વખતે બોપલ નજીકના ગરોડિયા ગામની સીમમાંથી એક વૃદ્ધની છૂંદી નાખેલી લાશ મળી આવી છે. ૬૫ વર્ષીય રિયલ એસ્ટેટ એજન્ટ રાત્રે ઘરેથી એમ કહીને નીકળી ગયો હતો કે તે જલ્દી પાછો આવશે અને તેનો સંપર્ક થઈ શક્યો ન હતો.તેની પત્નીએ અમેરિકામાં રહેતા તેના બાળકોને આ વાત કહી. આથી અમેરિકાના સંતાનોએ તેમના પિતાના આઈફોન મોબાઈલને ટ્રેક કરીને તેનું લોકેશન શોધી કાઢ્યું હતું. સવારે ૯:૦૦ વાગ્યે પરિવાર સ્થળ પર પહોંચ્યો ત્યારે ત્યાં દીપક પટેલનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક બે મહિના પહેલા જ અમેરિકાથી આવ્યો હતો પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આજે સવારે બોપલ નજીકના ગરોડીયા ગામની સીમમાંથી ૬૫ વર્ષીય દીપક દશરથભાઈ પટેલનો મૃતદેહ મળી આવ્યો હતો.

## જામનગરમાં ભાજપના નેતાના ઘરે જુગારધામ ઝડપાયું

। પ્રતિનિધિ, જામનગર,તા.૧૫ ।

શહેરમાં આવેલ ગુલાબનગર વિસ્તારમાં રહેતા ભાજપ નેતા તથા પૂર્વ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશરાજ પરમારના ઘરમાં રોકડ અને ટોકનથી ચાલતા ઓર્ગેનાઈઝ જુગારધામ ઉપર પોલીસે દરોડો પાડીને ૪ જુગારીઓને રુપિયા ૨.૭૦ લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.આ જુગારધામ અંગે મળતી માહિતી મુજબ જામનગરના ગુલાબનગરના શેરીનં-૩ ચામુંડા કૃપા નામના મકાનમાં પહેલા માળે રહેતા પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશરાજ દામજીભાઈ પરમાર પોતાના ઘરે જુગાર રમાડી રહ્યા હોવાની પોલીસને બાતમી મળી હતી. જે બાતમીના આધારે પીઆઇ પી.પી.ઝાની સુચનાથી પીએસઆઇ ઝેડ.એમ.મલેકે સ્ટાફ સાથે દરોડો પાડ્યો હતો.

## ઉદેપુર-અમદાવાદ ટ્રેનમાંથી ઝડપાયો ૭૭૦ લીટર દેશી દારુનો જથ્થો

। પ્રતિનિધિ,અમદાવાદ, તા.૧૫ ।

રાજ્યમાં નશાકારક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા અવારનવાર નશાકારક પદાર્થ ઝડપાતા હોય છે. ત્યારે અમદાવાદના અસારવા રેલવે સ્ટેશન પર ટ્રેનમાંથી દેશી દારુ ઝડપાયો છે. ઉદેપુર – અમદાવાદ ટ્રેનમાં ગાંધીનગર SMCની ટીમે તપાસ હાથ ધરતા દેશી દારુનો જથ્થો ઝડપાયો હતો. પોલીસે ૩ લોકોની ધરપકડ કરી છે. તેમજ ૭ લોરો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ટ્રેનમાંથી ૭૭૦ લીટર દેશી દારુ સાથે ૨.૫૧ લાખ રુપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.બીજી તરફ આ અગાઉ અમદાવાદના સાણંદ વિસ્તારમાં સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડા પાડ્યા હતા. સાણંદના ભાટિયાવાસમાં ખુલ્લી જાહેર જગ્યા અને ઘરમાં દરોડા પાડ્યા હતા. મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ભૂપત ઠાકોરના મકાન અને ખુલ્લી જગ્યામાંથી દારૂનો જથ્થો મળ્યો હતો. ૨.૫૦ લાખથી વધુ કિંમતની દારૂની ૬૪૪ બોટલો મળી આવી હતી. દારૂના જથ્થા, બાઈક સહિત ૩ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દારૂ વેચનાર બે આરોપીઓની ધરપકડ કરી. મુખ્ય આરોપી ભૂપત ઠાકોર સહિત ત્રણ લોકોની શોધખોળ હાથ ધરી.

### ૧૫ હોસ્પિટલોને નોટિસ પાઠવવામાં આવી

# મહેસાણામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં છેતરપિંડી કરનાર હોસ્પિટલ સામે સરકારે કડક કાર્યવાહી હાથ ધરી

। મહેસાણા,તા.૧૫ ।

મહેસાણામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં છેતરપિંડી કરનાર હોસ્પિટલ સામે સરકારે કડક કાર્યવાહી હાથ ધરી છે. ૧૫ હોસ્પિટલોને નોટિસ પાઠવવામાં આવી છે. દર્દીના રિપોર્ટ સહિત પૈસા લેનાર ચાર હોસ્પિટલો પાસેથી ૫ ગણો દંડ વસૂલવામાં આવશે. આયુષ્માન કાર્ડ હોવા છતાં લાયન્સ હોસ્પિટલે દર્દી પાસેથી આઈસીયુ માટે ચાર્જ વસૂલ્યો હતો. પરિણામે, કડીની ભાગ્યોદય જનરલ હોસ્પિટલ પાસેથી ૧,૧૦, ૪૧૦ રૂપિયા અને મહેસાણાની લાયન્સ જનરલ હોસ્પિટલ પાસેથી ૬૫, ૪૩૫ રૂપિયા દંડ વસૂલવામાં આવશે. વિસનગરની નૂતન હોસ્પિટલ પાસેથી ૪૫૮૫૦ અને મહેસાણાની શકુંજ હોસ્પિટલ પાસેથી ૫૭,૦૦૦ રૂપિયા દંડ વસૂલવામાં આવશે. આ સાથે ટીબી હોસ્પિટલ વિજાપુર, યશ હોસ્પિટલ વિજાપુર, દુર્વા મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ વિજાપુર, મા ઉમા હોસ્પિટલ ઊંઝા, પંચશીલ હોસ્પિટલ કડી, વાઈબ્રન્ટ હોસ્પિટલ મહેસાણા, એપલ હાર્ટ હોસ્પિટલ મહેસાણા, શૈશવ હોસ્પિટલ ખેરાલુ, શંકુઝ હોસ્પિટલ મહેસાણા, ક્રિષ્ના હોસ્પિટલને નોટિસ ફટકારવામાં આવી છે. હોસ્પિટલ વિસનગર, કેબી હોસ્પિટલ બહુચરાજી, ગેલેક્સી હાર્ટ હોસ્પિટલ મહેસાણા, ભાગ્યોદય જનરલ હોસ્પિટલ અને સોહમ સર્જીકલ હોસ્પિટલ કડી અને લાયન્સ જનરલ હોસ્પિટલ અને વિસનગરની નૂતન જનરલ હોસ્પિટલને પણ નોટિસ ફટકારવામાં આવી છે.અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલકાંડ બાદ રાજ્ય સરકાર પણ એક્શનમાં આવી છે. મળતી જાણકારી અનુસાર, ગુજરાત સરકારે નિર્ણય લીધો છે કે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સંલગ્ન હોસ્પિટલો હવેથી રાજ્યમાં મેડિકલ કેમ્પ યોજી શકશે નહીં. અને જો કોઈ હોસ્પિટલ આવી કોઈ પ્રવૃત્તિ કરતી જણાશે તો તેની સામે કડક પગલા લેવામાં આવશે. રાજ્યના આરોગ્ય વિભાગ હેઠળની તબીબી સેવાઓની શાખાએ જાહેર કરેલા પત્ર અનુસાર આવાં કોઈ મેડિકલ કેમ્પને સરકાર દ્વારા પ્રોત્સાહન અપાતું નથી અને તેમને આવાં કેમ્પ યોજવાના રહેતાં નથી.




## હાલ એરફોર્સમેન્ટના અધિકારીઓની તપાસ ચાલી રહી છે

# અમદાવાદ શહેરના રવિ ઠક્કરે ચાઈનીઝ એપ્લિકેશન બનાવીને ૨૦૦ કરોડ રૂપિયાનું ફૂલેકું ફેરવી નાખ્યું

**રવિ ઠક્કરે બોગસ કંપનીઓ બનાવીને ગેરકાયદે ચાઈનીઝ નાગરિકો સાથે મળીને ૨૦૦ કરોડની રકમ ખંખેરી લીધી**

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૫ |



ચાઈનીઝ એપ્લિકેશન બનાવીને અને કેટલાક ભારતમાં ગેરકાયદેસર રોકાયેલા ચાઈનીઝ નાગરિકો સાથે મળીને જમીનો અને નોકરીઓ અપાવવાના બહાને ૨૦૦ કરોડથી વધારેની રકમ ખંખેરી લેનાર અમદાવાદના માસ્ટર માઈન્ડ રવિ નટવરલાલ ઠક્કર અને ચાઈનીઝ નાગરિક એક્સ યુ ફોઈ ની ઉત્તર પ્રદેશની સ્પેશિયલ ટાસ્ક ફોર્સના અધિકારીઓએ એફવાય આર અને થયા બાદ ધરપકડ કરતા ઈન્ફોર્સમેન્ટના હાથમાં મની લોન્ડરિંગ અંગેનો એક કેસ આવ્યો છે જેમાં માસ્ટર માઈન્ડ રવિ નટવરલાલ ઠક્કર હોવાનું બહાર આવ્યું છે ઈન્ફોર્સમેન્ટના અધિકારીઓએ ૩.૭૨ કરોડનો ફ્લેટ બેંક ડિપોઝિટ મોહાલીમાં ૬૦ લાખનો ફ્લેટ ટાંચમાં લીધો છે જેનો લાભાર્થી રવિ ઠક્કર અને ત્રણ ચાઈનીઝ નાગરિકો છે. માસ્ટર માઈન્ડ રવિ ઠક્કર સાથે કામ કરતો ચાઈનીઝ નાગરિક છેલ્લા બે વર્ષથી ભારતમાં ગેરકાયદેસર રોકાણ કરીને રહેતો હતો અને બે હોટલ તેમજ કલબ બનાવીને તેના ઉપર કંટ્રોલ ધરાવતો હતો આ ક્લબ અને હોટલોમાં ગેમબલિંગ અને પ્રોસ્ટિટ્યૂશન ચાલતું હતું. ચાઈનીઝ નાગરિક દ્વારા સગીર યુવતીઓને લાવીને ગેરકાયદે ભારતમાં રહેતા ચાઈનીઝ નાગરિકો પાસેથી રૂપિયા પડાવી લેવામાં આવતા હતા આ રૂપિયા કેટલીક બોગસ કંપનીઓ અને ડાયરેક્ટરો ઊભા કરીને બનાવવામાં આવી હતી જેમાં ચાઈનીઝ નાગરિકોએ આખી કારટેલ રચીને અત્યાર સુધીમાં ૨૦૦ કરોડ રૂપિયા ભેગા કરી નાખ્યા છે અધિકારીઓએ દરોડા દરમિયાન ડિજિટલ ડિવાઈસ મધરબોર્ડ મોબાઈલની ચીપ્સ અને ઈ વેસ્ટ નો ટ્રેડિંગ નો ધંધો કરતો હોવાના પુરાવા કબજે કરીને ટોટલ ૧૮ કરોડની મિલકત ટાંચમાં લીધી છે આ સમગ્ર કૌભાંડમાં ચાઈનીઝ નાગરિકો ની સાથે અમદાવાદના અને ગુજરાતના કેટલાક ઓપરેટરો અને ચાર્ટર્ડ એકાઉન્ટ પણ સંડોવાયેલા છે જેની તપાસ ચાલી રહી છે એટલું જ નહીં રવિ નટવરલાલ ઠક્કર વર્ષ ૨૦૧૨માં એમબીબીએસ કરવા માટે ચાઈના ગયો હતો ત્યાં તેની ઓળખાણ વાણી ગોંડલ નામની યુવતી સાથે થઈ હતી જો કે રવિ ઠક્કર કોર્સ અડધો મૂકીને ભારત પાછો આવી ગયો હતો અને ચાઈનીઝ માણ્યાઓ સાથે સંપર્ક હોવાથી તેણે બોગસ કંપનીઓ પણ શરૂ કરી હતી જેમાં એચ ટી ઝેડ એન ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ .૧૨ યુ અને યુ૨૧ પ્રાઈવેટ લિમિટેડ .સોફ્ટ ટેક પ્રાઈવેટ લિમિટેડ. હ્રં સ્ફટ નામની કંપની. દ્રફ્ટિઅફ્હે ફાઈનાન્સ પ્રાઈવેટ લિમિટેડ શરૂ કરી હતી. હાલ એરફોર્સમેન્ટના અધિકારીઓની તપાસ ચાલી રહી છે અને મુંબઈ દિલ્હી ઉત્તર પ્રદેશ સહિતના રાજ્યોમાંથી કેટલી રકમ પડાવી તેની તપાસ બાદ સાચી માહિતી બહાર આવશે.

## માધાપર ચોકડી પાસે વોરા સોસાયટી સામે આવેલી

# ટ્રાન્સપોર્ટ પેઢીમાંથી કર્મચારી દ્વારા જ રૂા.૮.૪૦ લાખ રોકડની ચોરી

| પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૫ |

સીસીટીવીના આધારે આરોપીનો ભાંડો ફૂટયો, પગાર ઓછો પડતો હોવાથી અને પૈસાની જરૂર હોવાથી ચોરી કરી હતી માધાપર ચોકડી પાસે વોરા સોસાયટી સામે આવેલા પેટ્રોલ પમ્પ નજીક ટ્રાન્સપોર્ટરની ઓફિસમાંથી રૂા.૮.૩૯ લાખની ચોરી થઈ હતી. જોકે ગાંધીગ્રામ પોલીસે ગણતરીના સમયમાં ભેદ ઉકેલી ઓફિસમાં જ કામ કરતાં કમલેશ ઓમપ્રકાશ પ્રજાપતિ (રહે. નવી કોર્ટ બિલ્ડીંગ સામે)ને ઝડપી લીધો હતો. માધાપર ચોકડી પાસે શેઠનગરની બાજુમાં વર્ધમાન કોમ્પલેક્ષમાં રહેતાં પ્રકાશ ચંદુભાઈ જોગીયા (ઉ.વ.૩૮)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તે જય મુરલીધર નામની ટ્રાન્સપોર્ટ પેઢીમાં છેલ્લા છ વર્ષથી મેનેજર તરીકે નોકરી કરે છે. તેની પેઢીમાં એમેઝોનના તમામ પાર્સલ આવે છે. જેની ડિલીવરીનું કામ કરવામાં આવે છે. ગઈકાલે રાત્રે ૮ વાગ્યે તે ઓફિસેથી ઘરે જવા રવાના થયો હતો. રાત્રે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ ઓફિસમાં કામ કરતાં સુપરવાઈઝર દિપભાઈએ મેઈન શટરને એક બાજુ લોક કરી તેનો ફોટો વોટસએપ ગ્રુપમાં શેર કર્યો હતો. આજે સવારે દસેક વાગ્યે તે ઘરેથી ઓફિસે જવા માટે નીકળી ગયા હતા ત્યારે રસ્તામાં ઓફિસના કર્મચારી જીતુભાઈએ કોલ કરી જણાવ્યું કે બેન્કવાળા રૂપિયા લેવા આવ્યા છે.

# ડ્રાઈવરને ઝોકું આવતા સુરત હાઇવે ઉપર અકસ્માત, 3ના મોત

| પ્રતિનિધિ, સુરત, તા.૧૫ |

અંકલેશ્વર સ્ટેટ હાઈવે પર હાંસોટ નજીક આજે શુક્રવારે વહેલી સવારે ભાવનગરના પરિવારને એક ગમખ્વાર નડ્યો હતો. જેમાં ૩ લોકોના મોત નિપજ્યા હતા. પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે કે કારચાલકને ઝોકું આવી જતાં અકસ્માત સર્જાયો હતો. જોકે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર અંકલેશ્વર-સુરત સ્ટેટ હાઈવે પર હાંસોટ નજીક ભાવનગરનો પરિવાર સુરત જઈ રહ્યો હતો. તે દરમિયાન કાર ચાલકને ઝોંકુ આવી જતાં કાર ધડકાભેર ઝાડ સાથે ટકરાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે. જ્યારે અન્ય એક વ્યક્તિને ઈજા પહોંચાતાં હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આમ આ અકસ્માતમાં કુલ ત્રણ લોકોના મોત નિપજ્યા હતા.







## તંત્રી લેખ..

# ઓછો ખર્ચ ચિંતાજનક

હાલના નાણાંકીય વર્ષના બજેટમાં ફાળવાયેલા નાણાંને કેન્દ્રીય મંત્રાલયોએ સંપૂર્ણ રીતે ખર્ચ નથી કર્યાં. તેનું મુખ્ય કારણ એ છે કે કેન્દ્ર સરકાર દ્વારા સમર્થિત યોજનાઓ માટે જે ધન રાજ્યોને આપવામાં આવ્યું હતું, તેને યોગ્ય રીતે ખર્ચ નથી કરી શકાયું. હવે આ ધન, જે ૮૦ હજાર કરોડ રૂપિયા સુધી હોઈ શકે છે, તે પાછા કેન્દ્ર સરકારના રાજકોષમાં ચાલ્યા જશે. વિભિન્ન કલ્યાણકારી યોજનાઓ પર જે વધારાનો ખર્ચ કેન્દ્ર સરકારે કર્યો છે, તેની કેટલીક ભરપાઈ આ ધનથી થઈ શકશે. એક તરફ જ્યાં આ કેન્દ્ર સરકાર માટે કંઈક રાહતની વાત છે, ત્યાં જ તેનાથી એ ચિંતાજનક સંકેત પણ મળે છે કે યોજનાઓનું માળખું બનાવવા તથા યોગ્ય ધન મેળવ્યા બાદ પણ મંત્રાલય અને સરકારો ખર્ચ કરવામાં અસમર્થતા દેખાડે છે. તેનો સીધો અર્થ એ છે કે કેટલીય યોજનાઓને સાકાર નહીં કરી શકાય. કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલયને ૧૦૬૬૭ કરોડ રૂપિયા મળ્યા હતા, પરંતુ ઓગસ્ટ સુધી આ રકમના ફક્ત ચાર ટકા જ ખર્ચ થઈ શક્યા છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે માત્ર પાંચ ટકા, દવા મંત્રાલયે માત્ર સાત ટકા, મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે માત્ર છ ટકા જ ધનનો ખર્ચ કર્યો છે. શિક્ષણ મંત્રાલયનો આંકડો ૧૯ ટકાનો છે. કેટલાક અન્ય મંત્રાલયોના આવા જ હાલ છે. કુલ મળીને કેન્દ્ર સરકારે નાણાંકીય વર્ષ ૨૦૨૩ના બજેટ ફાળવણીના ૩૫.૨ ટકા જ ખર્ચ કર્યો છે, જ્યારે ગયા વર્ષે આ જ અવધિમાં આ આંકડો ૩૬.૭ ટકા હતો. અનેક રાજ્યો દ્વારા કેન્દ્રીય ફાળવણી પરત કરવાનો મામલો જૂનો છે, પરંતુ આ પ્રવૃત્તિ પર રોક લગાવવી જોઈએ તથા જવાબદારી સુનિશ્ચિત કરવી જોઈએ. કેન્દ્ર સરકારના મંત્રાલયોએ પણ બેહદ મામૂલી ખર્ચનું સ્પષ્ટીકરણ આપવું જોઈએ. નાણાં મંત્રાલયે કહ્યું કે સરકાર ઓક્ટોબરથી માર્ચ વચ્ચે એટલે કે ચાલુ નાણાંકીય વર્ષની બીજી ત્રિમાસિકમાં કુલ ૫.૯૨ લાખ કરોડ રૂપિયાની ઉધારી લેશે. આ પ્રકારના ઉધાર પર વ્યાજ પણ આપવાનું હોય છે અને વ્યાજ દરો વધી પણ રહ્યા છે. એવામાં જો ફાળવાયેલ રકમ ખર્ચ ન થાય તો તેનું બેવડું નુક્સાન થાય છે. એક તરફ વિકાસ અને કલ્યાણ યોજનાઓ પ્રભાવિત થાય છે તો બીજી તરફ વધુ વ્યાજ આપવું પડે છે. અત્યંત આવશ્યક કલ્યાણકારી યોજનાઓ માટે ભારત સરકારે ઘણો વધારે ખર્ચ કરવો પડી રહ્યો છે. તેને ધ્યાનમાં રાખતાં કેટલાક અન્ય ખર્ચામાં કપાતની સ્થિતિ પણ પેદા થઈ શકે છે. સામાન્ય રીતે કપાત પાછલા વર્ષના ખર્ચના હિસાબને જોઈને થાય છે. જે રાજ્યો અને મંત્રાલયો દ્વારા ખર્ચની ગતિ ધીમી કે સુસ્ત છે, તેમને કપાતનું નુક્સાન ભોગવવું પડી શકે છે.

# પોટેશિયમ ખુબ ઉપયોગી




અમેરિકામાં તાજેતરમાં જ કરવામાં આવેલા નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે પોટેશિયમ શરીર માટે ઉપયોગી છે. તે બ્લડપ્રેશરને ઘટાડી દેવામાં ભૂમિકા ભજવે છે. ફળફળાદી અને શાકભાજીમાં વધારે પ્રમાણમાં પોટેશિયમ હોય છે. હાર્ટને હેલ્થી રાખવા માટે વધારે પડતાં સોડિયમના ઉપયોગને ટાળવામાં આવે તે જરૂરી છે. આ ઉપરાંત ફ્રેશ ચીજવસ્તુ ખાવાની સલાહ પણ આ અભ્યાસમાં આપવામાં આવી છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે હેલ્થી ડાઈટ ઘણી તકલીફથી દૂર રાખે છે પરંતુ અસંતુલિત ડાઈટના લીધે બ્લડપ્રેશર, કોલેસ્ટેરોલ, બ્લડ સુગરની સપાટી અને વજન સતત વધી જાય છે જેના કારણે હાર્ટના રોગનો ખતરો વધી જાય છે. બર્મીંગ્હામ સ્કૂલ ઓફ પબ્લીક હેલ્થમાં યુનિવર્સિટી ઓફ અલાબામાના સંશોધકોએ અભ્યાસ કર્યા બાદ આ મુજબના તારણો આપ્યા છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે હાર્ટના રોગ માટે એકંદરે ઘણા પરિબળો જવાબદાર રહે છે. સોડિયમ બ્લડપ્રેશરને વધારવામાં તથા અન્ય ઘણા રોગને આમંત્રણ આપે છે. ત્રણ અમેરિકનો પૈકી એક માટે સોડિયમ ખતરનાક હોવાની બાબત પણ જાણવા મળી છે જે હાઈબ્લડપ્રેશર વધારવામાં ભૂમિકા ભજવે છે. સોડિયમ સેલમાં પાણીને આકર્ષિત કરે છે જેથી બ્લડપ્રેશરમાં ફ્લુઈડ પ્રમાણ વધી જાય છે. આનાથી સ્ટ્રોક અને હાર્ટ એટેકના હુમલા થવાનો ખતરો વધી જાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ખતરામાં વધારો કરનાર અન્ય પરિબળો પણ છે. સર્વોચ્ચ સોડિયમના જથ્થાનો ઉપયોગ ખતરનાક છે. બ્લેક અને વાઈટ સોડિયમની અસર જુદી જુદી રહે છે. કાળા હાઈએસ્ટ સોડિયમના હિસ્સા (૨૬૦૦ એમજી પ્રતિદિવસ)થી મૃત્યુનો ખતરો ૬૨ ટકા વધી જાય છે. અભ્યાસ મુજબ સોડિયમના પ્રમાણને મર્યાદિત રાખવામાં આવે તે જરૂરી છે. ફ્રૂટ અને વેજીટેબલ જેવી ચીજવસ્તુ ખાવામાં દરરોજ ઉપયોગમાં લેવી જોઈએ. આનાથી વધારે પ્રમાણમાં પોટેશિયમ મળે છે જે બ્લડપ્રેશરને ઘટાડવામાં ઉપયોગી ભૂમિકા ભજવે છે. ફળ અને શાકભાજી માટે ફ્રેશ સર્વશ્રેષ્ઠ સોસ તરીકે છે. ફિશ પણ ઉપયોગી પસંદગી બની શકે છે. સપ્તાહમાં બે વખત ફિશ ખાવાની સલાહ સંશોધનમાં આપવામાં આવી છે જે હાર્ટ રોગના ખતરાને ઘટાડવા સાથે સંબંધિત સારા ફેટના સોર્સ તરીકે છે. શરીરમાં વધારે પ્રમાણમાં પોટેશિયમ બ્લડપ્રેશરને ઘટાડી લોકોને કેટલીક તકલીફમાંથી બચાવી લે છે. જો કે વધુ નક્કર પરિણામ પર પહોંચવા માટે હજુ અભ્યાસ કરવામાં આવનાર છે.



## આજકાલ

લેખક : દીપક જગતાપ

### હવાઈ હુમલાઓ અને હવાઈ નિરીક્ષણ દ્વારા દુશ્મનોથી દેશની રક્ષા કરે છે

**૧ એપ્રિલ ૧૯૩૩ના રોજ વાયુસેનાની પહેલી પલ્ટન બનાવવામાં આવી હતી આ પલ્ટનમાં 6 IAF ટ્રેઈન્ડ ઓફિસર અને ૧૯ હવાઈ સિપાહીઓને શામેલ કરવામાં આવ્યા હતા હાલ ભારતીય વાયુસેના પાસે બે હજારથી વધુ સૈન્ય વિમાનો છે**

# અદમ્ય સાહસ અને શોર્યનો પરિચય કરાવતી ભારતીય વાયુસેના દેશનું ગૌરવ છે

**૧૯૬૫માં ભારત-પાકિસ્તાનના યુધ્ધ સમયે તેમણે મહત્વપૂર્ણ ફાળો આપી સફળ નેતૃત્વ પૂરૂ પાડયું હતુ જે બદલ તેમને ૧૯૬૬માં પદમ વિભૂષણથી સન્માનીત કરાયા હતા. વર્ષ ૨૦૦૨માં અર્જુનસિંહને વાયુસેવાના માર્શલ બનાવાયા હતા**

૮ ઓકટોબરના રોજ ભારતીય વાયુસેના દિવસઉજવાઈ ગયો. ભારતીય વાયુસેના ગૌરવ સાથે આકાશને આંબતી ભારતીય વાયુસેના દુનિયામાં અજોડ છે. અદમ્ય સાહસ અને શોર્યનો પરિચય કરાવે છે. વાયુસેના ૧૯૩૨માં ૮ ઓકટોબરનાં રોજ 'રોયલ ભારતીય વાયુસેના' એવા નામથી વાયુસેનાની સ્થાપના કરવામાં આવી હતી. આઝાદી પછી 'રોયલ ભારતીય વાયુ સેના' નામ બદલીને 'ભારતીય વાયુસેના' નવુ નામ અપાયું.

આઝાદી બાદ પાકિસ્તાન સાથેના ત્રણ યુધ્ધો અને ચીન સાથેના યુધ્ધમાં વાયુસેનાએ પોતાનું અદમ્ય પરાક્રમ પ્રથર્યો હતુ ભારતીય વાયુસેના સશસ્ત્ર સેનાનો એક એવું અંગ છે કે જે હવાઈ હુમલાઓ અને હવાઈ નિરીક્ષણ દ્વારા દુશ્મનોથી દેશની રક્ષા કરે છે.ભારતીય વાયુ સેનાએ ઘણા મહત્વના ઓપરેશન પાર પાડી દુશ્મનો સામે જીત મેળવીને દેશનું ગૌરવ વધાર્યુ છે. વાયુસેનાનું મુખ્યમથક દેશની રાજધાની દિલ્હીમાં આવેલું છે. ૨૧૦૦થી વધુ શકિતશાળી એરક્રાફટ સાથે દુનિયાથી ચોથી સૌથી શકિતશાળી ભારતીય વાયુસેના તેના પરાક્રમ અને અદમ્ય સાહસ માટે દુનિયાભરમાં જાણીતી છે. 'ભારતીય વાયુસેના' ભારતની અન્ય સેના ઈન્ડીયન આર્મી અને નેવીને પણ અનેક રીતે મદદ પહોચાડયાની સાથે એયરલિફટ જેવા અનેક ઓપરેશન માટે હંમેશા તૈયાર રહે છે. ભારતની અંતરિક્ષ વિજ્ઞાન સંસ્થા ઈસરો સાથે મળીને ભારતીય વાયુસેના દેશની સુરક્ષા માટે હંમેશા સજાગ રહે છે. ઉપરાંત કુદરતી આફતના સમયે નાગરિકોને બચાવવા માટે વાયુસેના હંમેશા તત્પર રહે છે.



- ૮ ઓકટોબર ૧૯૩૨માં વાયુસેનાની સ્થાપના થઈ, તેની પ્રથમ ટુકડીની રચના ૧ એપ્રિલ ૧૯૩૩ના રોજ કરવામાં આવી હતી. જેમાં ૬ આરએએફ ટ્રેન્ડ અધિકારીઓ અને ૧૯ એરમેન હતા.
- ભારતીય વાયુસેનાનું સૂત્ર છે નભ: સ્પૃશ દીપ્તમ્ જે ભગવદ ગીતાનાં ૧૧માં અધ્યાયમાંથી લેવામાં આવ્યું છે. મહાભારતમાં શ્રીકૃષ્ણ અર્જુનને તેમને મહારૂપ દેખાડી રહ્યા હતા ત્યારે તેનો ઉલ્લેખ થયો હતો.
- વાયુસેનામાં આશરે ૧,૭૦,૦૦૦ જવાનો સક્રિય પણે કાર્યરત છે.
- અમેરિકા, રશિયા અને ચીન બાદ ભારત પાસે દુનિયાની ચોથી સૌથી મોટી સેના છે.
- ૨૨ હજાર ફિટ પર સિયાચિનમાં હાજર એરબેઝ દૂનિયાનું સૌથી ઉંચુ એરબેઝ છે.
- આખા ભારતમાં વાયુસેનાના ૬૦ એરબેઝ છે વેસ્ટર્ન એર કમાંડમાં સૌથી વધુ ૧૬ એરબેઝ છે.

### આકાશનો અજેય યોધ્ધા 'રાફેલ' દૂશ્મન દેશ પર પડશે ભારે

વિશ્ર્વયુધ્ધ-૨, પાકિસ્તાન સાથેના ૩ યુધ્ધો અને ચીન સાથેનું યુધ્ધ તેમજ સંયુકત રાષ્ટ્ર શાંતિ મિશનમાં પણ ભારતીય વાયુસેનાએ મહત્વની ભૂમિકા ભજવી છે.એ ઉપરાંત ગોવાનો કબ્જો ન છોડતા પોર્ટુગલના સકંજામાંથી ગોવાને આઝાદ કરાવવા માટે ઓપરેશન વિજયના ગુપ્તનામે ભારતીય વાયુસેનાએ ઓપરેશન કરીને ૩૬ કલામાંજ ગોવાને આઝાદી અપાવી હતી. જમ્મુ-કાશ્મીર સરહદે સિયાચીનમાં દુશ્મનોએ કબ્જો કર્યો હોવાની બાતમીને આધારે ૧૯૮૩માં વાયુસેનાએ ઓપરેશન મેઘદૂત પાર પાડીને સિયાચીન પર કબ્જો મેળવ્યો હતો.

શ્રીલંકાના તામિલ લિબરેશન ઓગેનાઈઝેશન ઓફ તામિલ ઈલમ દ્વારા માલદિવમાં સરકાર ઉથલાવીને સતા કબ્જે કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે વાયુસેનાએ ઓપરેશન કેકાસ પાર પાડીને એ પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. ૧૯૮૭માં શ્રીલંકાના સિલિલ વોર વખતે જાફના શહેરમાં ફસાયેલા તામિલ ટાઈગર્સને સુરક્ષા આપી જાફના પર કબ્જો મેળવી આપવા માટે ભારતીય વાયુદળે ઈગલ મિશન-૪ નામે સફળ કામગીરી કરી હતી. ૨૦૧૫માં યમન દેશમાં ફસાયેલા આશરે ૫૦૦૦ નાગરીકોને ભારતીય નેવીની મદદથી વાયુસેનાએ ઓપરેશન રાહત પાર પાડી ફકત ભારતીય નાગરીકોને નહીં પરંતુ ૨૦૦૦ જેટલા વિદેશી નાગરિકોને પણ સુરક્ષીત કરી સફળતા હાંસલ કરી હતી.

### દૂનિયાની ચોથી સૌથી મોટી વાયુસેના ભારતની

ભારત દેશની તાકાત દિન પ્રતિદિન વિશ્વમા વધતી જાય છે. આપણી સંરક્ષણ પાંખમાં જમીન દરિયાઈ અને વાયુ ત્રણ સ્તરે મજબુત છે. આજે દેશની હવાઈ પાંખ એરફોર્સનો જન્મ દિવસ યર્થાત એરફોર્સ ડે છે. આ મહત્વની પાંખ સદી તરફ આગળ વધી રહી છે. આપણી એરફોર્સ પાંખ ૮ ઓકટોબર ૧૯૩૨માં સ્થાપિત કરાઈ હતી. ૧લી. એપ્રીલ ૧૯૩૩ના રોજ સ્કોવોડ્રનની રચના કરાય હતી.

તાજેતરમાં રાફેલ ફાઈટર વિમાનો એરફોર્સમાં જોડાતા આપણી તાકાત બમણી થઈ ગઈ છે. ભારતીય વાયુસેના દર વર્ષે જાગૃતતા વધારવા 'એરફોર્સ ડે'ની ઉજવણી કરે છે. બીજા વિશ્ર્વ યુધ્ધમાં આપરી રોયલ ઈન્ડિયન એરફોર્સની મહત્વની કામગીરી રહી હતી વાયુસેનાનો ગૌરવવંતો ઈતિહાસ સુનહરો છે. આપણા દેશે ૨૦૨૩ થી ૨૦૨૮ સુધીનો રોડ મેપ તૈયાર કરીને સુરક્ષા ક્ષેત્રે મહત્વનું કદમ ઉઠાવેલ છે, જેમાં તેજસ એમ.કે.૧ના પાંચ સાથે ૩૬ રાફેલ ફાઈટર ઉમેરાશે. આજે સરહદે ચીનનો સામનો કરવા આપણી સેના વાયુદળ સજ્જ છે. ૧૯૭૧માં પણ બાંગ્લાદેશને મુકિત અપાવવામાં એરફોર્સનો મહત્વનો ફાળો હતો.

એરફોર્સની મહત્વની કામગીરીમાં ૧૯૯૯માં કારગિલની મૂકિત ઓપરેશન સાથે બાલાકોટ સર્જીકલ સ્ટ્રાઈક પણ અગ્રસ્થાને રહીને ભારતીય વાયુદળની તાકાતનો પરચો વિશ્ર્વએ નિહાળ્યા હતો. આજે એરફોર્સમાં વિમાની તાકાત છેલ્લી ત્રણ પેઢીથી ઉતરોતર પ્રગતિ કરીને શ્રેષ્ઠ ફાઈટરો આપણી લશ્કરી તાકાત બની છે. ડાઈવ બોમ્બરથી શરૂ કરીનેજે રાફેલ જેવા અધતન વિમાનોનો યુગ આવી ગયો છે.

ખાસ વાત એ છેકે હવે કોઈપણ દેશ મિગ-૨૭ ફાઈટર પ્લેનનો ઉપયોગ કરતુ નથી. આ ફાઈટર જેટને ભારતીય વાયુ સેનાના પાયલોટ 'બહાદૂર' નામથી બોલાવે છે. છેલ્લા ૩૮ વર્ષથી ભારતીય વાયુ સેનોતાની ધાક જમાવીને બેઠેલું લડાકુ વિમાન મિગ-૨૭ રિટાયર થતા રાજસ્થાનના જોધપુર એરબેઝ પર છેલ્લી ઉડાનભરી હતી એ સમય દરમિયાન ૭ મિગ-૨૭ વિમાનો હતા જેમાનું એક ફાઈટર મિગ-૨૭ કારગીલ હીરો જોધપુર એરફોર્સ તરફથી રાજકોટને ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યું છે.

લશ્કરની દરેક પાંખમાં સ્ટાર રેંક ખૂબજ મહત્વ ધરાવે છે. આ સ્ટાર રેંકનાં આધારે જ કમાન્ડર, બ્રિગેડિયર, એડમાયર, બ્રિગેડિયર જનરલ અને માર્શલ જેવા ઉચ્ચ હોદાઓની ઓળખાણ થાય છે. જેમાં સૌથી ઉચ્ચ હોદો ગણાય છે. માર્શલનો આ પદ ધારણ કરનાર ભારતનાં પ્રથમ અને એકમાત્ર અધિકારીજે અર્જુનસિંહ તેઓ ભારતીય વાયુસેનાના પ્રમુખપદ ઉપર ૧૯૬૪થી ૨૦૦૨ સુધી રહ્યા હતા.



### અનેક પ્રકારની પિડાને દુર કરવા માટે એસ્પ્રિનનો ઉપયોગ થાય છે

**ભારતમાં વર્ક ફ્રોમ હોમ ટ્રેન્ડને નવા તરીકે ગણી શકાય છે જો કે વિદેશી દેશોમાં આ ક્રેઝ તો જોવા મળે છે મોટી મલ્ટીનેશનલ કંપનીઓના કારોબારીઓને બાદ કરતા અન્ય તમામ કર્મચારીઓને આ સંબંધમાં હજુ પુરતી માહિતી નથી**

# પ્રદુષણના પ્રભાવોને એસ્પ્રિન ઘટાડે છે

**વાયુ પ્રદુષણના કારણે ફેફસા પર પડનાર પ્રતિકુળ અને હાનિકારક પ્રભાવને ઘટાડી દેવામાં એસ્પ્રિન નિર્ણાયક સાબિત થઇ શકે છે**

એસ્પ્રિન નામની દવાને પહેલાથી જ કેટલાક પ્રકારની પ્જિાડાને દુર કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. સાથે સાથે જુદા જુદા પ્રકારના સોજાને ઓછા કરવા માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. જો કે હવે એક નવા અભ્યાસ બાદ આ દવાનો ઉપયોગ કરી રહેલા લોકો માટે કેટલીક નવી વિગત પણ સપાટી પર આવી છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે એસ્પ્રિન વાયુ પ્રદુષણના કારણે ફેફસા પર થનાર પ્રભાવને ઘટાડી દેવામાં પણ ઉપયોગી સાબિત થાય છે. જર્નલ ઓફ રેસ્પિરેટરી એન્ડ ક્રિટિલ કેયર મેડિસનમાં પ્રકાશિત થયેલા હેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. કોલંબિયા યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે એસ્પ્રિન વાયુ પ્રદુષણથી ફેફસાને થનાર માઠી અસરને ઓછી કરી શકે છે. દરેક વ્યક્તિના ફેફસાના ટેસ્ટના રિઝલ્ટ , એસ્પ્રિનના પ્રયોગ કરનાર તેમજ પાર્ટિકુલેટ મેટર બ્લેક કાર્બનના સ્તર વચ્ચે સંબંધના મુલ્યાંકન કરવામાં આવ્યા બાદ કેટલીક નવી



બાબતો સપાટી પર આવી છે. અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે એસ્પ્રિનનો ઉપયોગ કરનાર લોકોમાં ફેફસાના પ્રભાવ પર વાયુ પ્રદુષણની અસર ઘટી છે. સંશોધકોએ વ્યાપક અભ્યાસ બાદ જણાવ્યું છે કે દરરોજ એસ્પ્રિન લેનાર દર્દીઓમાં કેન્સરનો ખતરો એકંદરે ઘટી જાય છે. એકંદરે કેન્સરના બનાવ અને કેન્સરથી થતાં મોતનો આંકડો આનાથી ઘટી જાય છે. સંશોધકોએ વ્યાપક અબ્યાસ બાદ આ મુજબના તારણો આપ્યા છે. આમા જણાવવામાં આવ્યું છે કે દરરોજ લો ડોઝ અથવા તો દરરોજ ૭૫-૫૦ એમજી દવા લેનારમાં કેન્સરના બનાવ ઘટી જાય છે. નવા આંકડા દર્શાવે છે કે કેન્સરથી થતા મોતના ખતરાને ઘટાડવામાં એસ્પ્રિનચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. જો કે આ દવા તબીબોની સલાહ મુજબ લેવામાં આવે તે જરૂરી છે. અમેરિકન કેન્સર સોસાયટીના તબીબોએ અભ્યાસ બાદ આ મુજબના તારણો જાહેર કર્યા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે એકંદરે કેન્સરના બનાવોમાં ૧૦ ટકા ઘટાડો પણ મોટી રાહત આપે છે.

સારવારના પ્રથમ ૧૦ વર્ષમાં એકંદરે કેન્સરના બનાવોમાં ૧૦ ટકા ઘટાડો કરે છે જે સરેરાશ જોખમી વસ્તીમાં લાભ અને નુકસાનના સંતુલનને જાળવી રાખે છે. એસ્પ્રિનના ઉપયોગ માટે વર્તમાન માર્ગદર્શિકામાં જણાવવામાં આવ્યું છે કે આ દવાના ફાયદા રહેલા છે પરંતુ આડ અસર પણ રહેલી છે. દરરોજ એસ્પ્રિનના ઉપયોગથી કોલો રેક્ટલ કેન્સરનો ખતરો ઘટી જાય છે. સાથે સાથે અન્ય બીમારીથી પણ રાહત આપે છે. પરંતુ કાર્ડિયોવેસ્ક્યુલર ટ્રાયલ્સના બીજા પ્રકાશિત અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે ૭૫થી ૧૦૦ એમજી એસ્પ્રિનનો હળવો ડોઝ તમામ કેન્સરના બનાવોમાં ઘટાડો કરે છે. એસ્પ્રિનના લાભ અને નુકશાનને લઈને વારંવાર અહેવાલો આવતા રહ્યા છે. સામાન્ય રીતે જુદા જુદા પ્રકારની પીડાને દૂર કરતી આ દવાની આડ અસર પણ ઘણી હોવાનું જાણવા મળી ચૂક્યું છે પરંતુ નવા અભ્યાસના તારણ બિલકુલ અલગ છે. અમેરિકન કેન્સર સોસાયટી માટે કરાયેલા સંશોધનમાં મહત્વપૂર્ણ બાબતોનો ઉલ્લેખ છે જેમાં આંકડા ઉપર વિશેષ નજર રાખવામાં આવી છે. એસ્પ્રિનને એએસએ તરીકે પણ ગણવામાં આવે છે. તે મુખ્યરીતે તો પિડા, તાવ અને અન્ય બિમારીમાં ઉપયોગ કરવામાં આવે છે. જાણકાર લોકો એમ પણ કહી રહ્યા છે કે એસ્પ્રિન દવા હાર્ટ અટેક થયા બાદ તરત જ આપવામાં આવે તો મોતના ખતરાને પણ ઘટાડી શકે છે. એસ્પ્રિનનો ઉયોગ ફરી વાર હાર્ટ અટેકના ખતરાને રોકવા માટે પણ કરવામાં આવે છે. ચોક્કસ પ્રકારના કેન્સરના રોગને પણ તે રોકે છે.

# તમે જાણો છો ? જીવનનાં ઓરડામાં હર્ષ-ઉલ્લાસની નદી ખળખળ વહે છે

**જીવનને સુવાળું બનાવવાની કોશિશમાં રહીએ તો એક દિવસ ચોક્કસ પરિણામ મળી શકે છે. ઘણી વખત સમયની ધાર ઘણી મજબુત હોય છે, તો સામે છેડે જીવનને ધારદાર બનાવવા માટે ભીતરની સજાગ શક્તિની જરૂર પડે છે**

જીવનનો પૂર્ણ અર્થ હોતો નથી. હર્ષ-ઉલ્લાસ સાથે જીવન જીવવું એ ખરો અર્થ છે. અમારે ગામડે એ કહેવત વધારે બોલાય છે. ફલાણાની જિંદગી એળે ગઈ. આ વાતમાં ઘણું વજૂદ નથી. મૂળ વાત એ છે જીવનને જીવવા લાયક બનાવવું પડે છે. જીવનને સુવાળું બનાવવાની કોશિશમાં રહીએ તો એક દિવસ ચોક્કસ પરિણામ મળી શકે છે. ઘણી વખત સમયની ધાર ઘણી મજબુત હોય છે, તો સામે છેડે જીવનને ધારદાર બનાવવા માટે ભીતરની સજાગ શક્તિની જરૂર પડે છે. માણસ જીવનને ઉલટું સમજે છે. જીવનને સમજવા માટે આકરી મહેનત કરવી પડે છે. આપણે ઘણી વખત એવું કહેતા હોઈ છીએ કે, જીવનમાં કરવા જેવું કશું નથી. જીવનની વિશાળતા ઘણી મોટી છે. જીવનની વિશાળતા વચ્ચે સતત પ્રયત્નશીલ રહીને જીવનને ચળકાટ આપવો જોઈએ. માણસને હાંફતું જીવન જીવવાનું છોડી દેવું જોઈએ, નિરાંતવાળું જીવન જીવવું જોઈએ. જેથી કરી જીવનનું અસલી સુખ ક્યાં છે તેની ખબર પડે. ચવાઈ ગયેલા જીવનમાંથી માણસને બહાર આવવા માટે દિવ્ય સાર્થકતાના સ્વરૂપ સમજવા જોઈએ. જીવનનું પરમ સુખ ઉજળા દિવસો નિર્માણ કરો તેમાં છે. જીવનની લગામ માણસનાં હાથમાં હોય છે. જીવનની ચોક્કસ દિશાની રેખા છે. જીવનની લગામમાં સુખ, દુઃખના સોપાનો હોય છે. જીવનની લગામ એટલે તમારા જીવનને કંઈ દિશા તરફ ઢાળવું. નૈતિકતાનું સર્જન થાય તેમાં જીવનનો આસ્વાદ છે.

મનોવિજ્ઞાનિક એરિક ફ્રોમે 'ધ ફીઅર ઓફ ફ્રીડમ' નામનું વિશ્વ પ્રસિદ્ધ પુસ્તક લખ્યું છે. આપણી ગુજરાતી ભાષામાં 'શાણો સમાજ' કરીને અનુવાદ કાન્તિ શાહે કર્યા છે. આ ખ્યાતિ પામેલા પુસ્તકમાં લખ્યું છે સુખ જન્મે છે સર્જનાત્મક જીવનના અનુભવમાંથી, અને જગત સાથે આપણને સાંકળતી પ્રેમને સમજણની આપણી શક્તિઓના ઉપયોગમાંથી વાસ્તવિકતાના અંતસ્તલને સ્પર્શવામાં સુખ રહેલું છે. આપણી જાતને ઓળખવામાં તથા બીજાઓ સાથેની આપણી એકતા અને બીજાઓ સાથેની આપણી ભિન્નતા પિછાનવામાં સુખ રહેલું છે. સુખ એ તો તીવ્ર આંતરિક પ્રવૃત્તિની અવસ્થા છે. અને આપણી જાત સાથેના તેમજ જગત સાથેના સર્જનાત્મક સંપર્કમાંથી નીપજતી, પાંગરતી ચેતના શક્તિની અનુભૂતિ છે. આપણી આજુબાજુ વિસ્મય સપનું કોતરાતું હોય છે. સુખનો અર્થ સફળ થવું તે નથી. સુખનો અર્થ જીવનના મૂલ્યોનું અજવાળું થાય તે છે. માણસની પાસે સમય જેવી ચીજને સમજવાનો રિવાજ તૂટતો જાય છે. સફળતાની ઝંખનામાં આખે-આખો જીવનનો અર્થ ધૂળધાણી થઈ જાય છે. જો તમે એમ ધારતા હોં કે જીવનનું સુખ બહારની દુનિયામાં છે. તો બિલકુલ ખોટી વાત છે. માણસની અંદર સદંતર ખળખળ કરતી વિશાળ દુનિયાને પ્રગટતી જ્યોતિ આપી શકે તેવી નદી વહે છે. તે વહેણ માણસને જાણવા માટે ગહન રીતે પુર્ણતાનો અનુભવ કરવો પડે છે.લેખકના મથાળે નિંદા ફાઝલીની કવિતા લખી છે તેનો સારાંશ બહુઅર્થી છે. જીવનમાં દુઃખ આવે તો સુખમાં તમારે જાતે જ તબદિલ કરવાનું છે. જીવનને સમયના આઈનામાં ચોખ્ખું ચણાંક કરતા રહો, જીવન જીવવા માટે નવો રસ્તો પાડવાની જરૂર જણાય ત્યારે નવો રસ્તો પાડતા રહો. માણસને જીવનમાં એક એવરેસ્ટ નક્કી કરી રાખવું જોઈએ. નક્કી કરેલા એવરેસ્ટ સુધી પહોંચવામાં જે તમે મહેનત કરો છો તેમાંથી આનંદ પ્રાપ્ત થશે. આપણી આજુબાજુ બધું બદલાતું દેખાય છે એટલે જીવનના માર્ગમાં ધૂપ તો હશેજ, પરંતુ માણસ પોતાનો મુકામ હાંસલ કરવામાં નહીં પરંતુ જીવનને નવો આયામ આપવા માટે સતત મથતાં રહેવું જોઈએ. જીવન જીવવા માટે સોચ મહત્ત્વની વસ્તુ છે. થોડી ધીરજ, થોડી શાંતિ અને તમારામાં વિચાર કરવાની સોચ હશે તો ઘણી બધી આફતોમાંથી બહાર આવી શકશો. માણસ પાસે અદ્ભૂત શક્તિઓ પડી છે. કેટલીક વખત જીવનનો ફેંસલો નિર્ણય શક્તિ પર આવીને ટકે છે. ખેડૂત પોતાના પાકની વાવણી એકના એક ખેતરમાં કરતો નથી. પાકની ઋતુ પ્રમાણે ફેરબદલી કરવી પડે છે. જીવનમાં ઘણી વખત બદલાવ લાવવો પડે છે. એઈલીન કેડીને કહેલું-જીવન જીવતી વેળાએ તમારા ધોરણો ઊંચા રાખો, જેટલા વધુ ઊંચા ધોરણ તેટલું વધુ સારું. તમે જે કાંઈ કામ હાથમાં લો તે વિશે બેદરકાર કે બેફામ ન બનો. હંમેશા પુર્ણતામાં શ્રેષ્ઠ એ જ ધ્યેય હોવું જોઈએ. દેખીતી રીતે ત્યાં પહોંચવાનું અશક્ય લાગે તો પણ ત્યાં સુધી પહોંચવાનો, ત્યાં સુધી લંબાવાનો પ્રયત્ન કરતા જ રહો. સમજદાર માણસો કહેતા હોય છે જે કામ કરો છો તે પૂર્ણ કરી દમ લો. કદાચ તમને યાદ હશે કે પ્રાથમિક શાળામાં ભણતા ત્યારે એક કવિતા ભણાવવામાં આવતી 'કોશિશ કરનેવાલો કી હાર નહીં હોતી' સતત કોશિશ કરતા રહેવું તેમાં સફળતાનું સૂત્ર છે. કોશિશ કરવામાં થાકતા નથી તે માણસો જીવનથી કોઈ દિવસ હારતા નથી. કોશિશ એ તમારા જીવનનો 'પાવર' છે.

આપણે ઘણી વખત ડાહી ડાહી વાતોમાંથી બહાર આવતા નથી. યાદ રાખો જીવનને રૂડું-રૂપાળું બનાવું હોય તો તમારા અંદર સજાગ શક્તિ હોવી જરૂરી છે. લગભગ આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભારતનાં ઈતિહાસમાં ચાણક્ય નામનો મહાન માણસ થઈ ગયો. પાછળથી પોતાના અમૂલ્ય રાજનીતિ વિશે સૂત્રોની વિશ્વને ભેટ આપી. પોતાની ચાણક્યનીતિમાં લખે છે. કામ કરનાર માણસને ગરીબાઈનો ભય રહેતો નથી. ઓછું બોલનાર માણસને ઝગડાનો ભય રહેતો નથી. અને જીવન પ્રત્યે જાગરૂક રહેનારા માણસને કોઈ પ્રકારનો ભય રહેતો નથી. જીવન જીવવાની ક્ષણને કાબુમાં લેવી એટલે કે જીવનના ઊંબરે સમજણતાનો અનુભવ કરવો. જીવનને તપસ્યાના કુંડમાં તપાડે તો માણસ પોતાની શક્તિને યોગ્ય દિશામાં વિકસાવી શકે છે.

જીવનમાં કશું ટકી રહેતું નથી. માણસ ખોટી રીતે વિષાદમાં જીવન જીવે છે. ખરેખર તો માણસને સંયમપૂર્વક જીવન પસાર કરવું જોઈએ. જો સંયમપૂર્વક જીવન જીવવામાં આવે તો તમે જીવનમાં મુક્તિ અનુભવશો. જીવનની પાસે મર્યાદા હોય છે, માનવીને સુખની મર્યાદા ઓળંગવી ન જોઈએ. જો માણસ પોતાના જીવનની શરત સ્વીકારે નહીં તો જીવન કેવી રીતે સારી રીતે પસાર કરી શકે. માણસ ઘણી વખત જીવે છે પરંતુ જીવનથી વાકેફ થતો નથી. જીવનથી વાકેફ હોવું એટલે જીવન કંઈ દિશા તરફ ગતિ કરે તેનો ખ્યાલ હોવો. જીવનમાં સંયમપૂર્વક જીવશો તો ખુશીના બારણા ખુલતા જશે. માણસની સ્વતંત્ર વિચારધારા પર રૂંકાવટ આવી જાય તો સંયમ જેવા ગુણો અલોપ થઈ જાય છે. આ દુનિયામાં બધી જગ્યાએ નિરાશાવાદી માણસો રહેતા હોય છે.



Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

## દિલ્હીના સરાઈ કાલે ખાન ચોકનું નામ બદલીને 'બિરસા મુંડા ચોક' નવું નામ કરાશે

| નવીદિલ્હી,તા.૧૫ |

દિલ્હીના સરાય કાલે ખાન ચોકનું નામ હવે 'બિરસા મુંડા ચોક' રાખવામાં આવશે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે 'આદિવાસી ગૌરવ દિવસ' નિમિત્તે દિલ્હીમાં ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ કર્યું. આ પ્રસંગે દિલ્હીના એલજી વીકે સક્સેના, કેન્દ્રીય મંત્રી મનોહર લાલ ખટ્ટર પણ હાજર હતા.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ પ્રસંગે કહ્યું કે ભગવાન બિરસા મુંડાનો જન્મ એક નાનકડા ગામમાં થયો હતો. આજે તેમની ૧૫૦મી જન્મજયંતિ છે. આ વર્ષ આદિવાસી ગૌરવ દિવસ તરીકે ઉજવવામાં આવશે. વધુમાં કહ્યું કે ભગવાન બિરસા મુંડા ચોક્કસપણે આઝાદીના મહાન નાયકોમાંથી એક હતા.

## જો તમે ભાજપને વળગી રહેશો તો તમને કાપી નાખવામાં આવશે : રાજદ

| પટણા, તા.૧૫ |

આ દિવસ ેમાં પટનાની શેરીઓમાં ફરી એકવાર પોસ્ટર વોર ફાટી નીકળ્યું છે.એનડીએ અને મહાગઠબંધનના નેતાઓ અલગ-અલગ પોસ્ટર અને સૂત્રો દ્વારા એકબીજા પર પ્રહારો કરી રહ્યા છે. પ ટનામાં બીજેપીના નારાના જવાબમાં હવે આરજેડીનું નવું સ્લોગન સામે આવ્યું છે. બિહારમાં ચાર વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી બાદ રાજકીય વાતાવરણ પહેલેથી જ ગરમ છે. રાજધાની પ ટનાના રસ્તાઓ પર આરજેડી દ્વારા લગાવવામાં આવેલા પ ોસ્ટરમાં ભાજપ પર આકરા પ્રહારો કરવામાં આવ્યા છે.આ પોસ્ટરોમાં ભાજપ પર તેના સાથી પક્ષો અને જનતા સાથે વિશ્વાસઘાત કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

## બિહારમાં ફરી ઝેરી દારૂની ઘટના, સિવાનમાં ત્રણ લોકોના મોત

| પટણા, તા.૧૫ |

સિવાનમાં ઝેરી દારૂના કારણે ફરી લોકોના મોત થયા છે. સવાર સુધીમાં ત્રણ લોકોના મોત થયા છે. લોકોનું કહેવું છે કે ત્રણેય દારૂની મહેફિલ માણતા હતા. તબિયત બગડવાના કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ, ડોકટરો તેનો જીવ બચાવી શક્યા ન હતા. ત્રણ મોત બાદ ફરી ગભરાટ ફેલાયો હતો. મૃત્યુઆંક વધી શકે છે. કેટલાક લોકોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ ઘટના લાડકી નબીગંજની છે. આ મામલામાં એસએચઓ અજીત કુમાર સિંહે કહ્યું કે ત્રણ લોકોના મોતની માહિતી મળી છે.

## ઝારખંડના ગોડ્ડામાં ફસાયા રાહુલ ગાંધી, હેલિકોપ્ટર ટેકઓફ કરતા રોકાયું

| ગોડ્ડા,તા.૧૫ |

ઝારખંડમાં ૨૦મી નવેમ્બરે યોજાનાર મતદાન માટે ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. ભાજપ-કોંગ્રેસ સહિત તમામ પક્ષોના મોટા નેતાઓ પોતપોતાના પક્ષના ઉમેદવારોની તરફેણમાં મત માંગી રહ્યા છે. આ શ્રેણીમાં, કોંગ્રેસના સાંસદો અને લોકસભામાં વિપક્ષના નેતા શુક્રવારે ભારત ગઠબંધનના ઉમેદવારોના પ્રચાર માટે ગોડ્ડા પહોંચ્યા છે. મળતી માહિતી મુજબ રાહુલ ગાંધી ઝારખંડના ગોડ્ડામાં લગભગ દોઢ કલાકથી અટવાયેલા છે. હેલિકોપ્ટરને એટીસી તરફથી મંજૂરી મળી નથી. જેના કારણે હેલિકોપ્ટરને ઉડવાની મંજૂરી નથી.

### ૧૨ વર્ષની લાંબી રાહ બાદ આખરે

# જમ્મુમાં રેલવે ડિવિઝન બનશે, રેલવે મંત્રીએ પ્રસ્તાવને મંજૂરી આપી । ૧૨ હજાર કર્મચારીઓને લાભ મળશે

**૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ તત્કાલીન કેન્દ્ર સરકારે જમ્મુમાં રેલ્વે વિભાગ બનાવવાની જાહેરાત કરી હતી. હવે રેલ્વે મંત્રાલયે જમ્મુમાં રેલ્વે વિભાગની સ્થાપનાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી**

| નવીદિલ્હી,તા.૧૫ |

૧૨ વર્ષની લાંબી રાહ બાદ આખરે જમ્મુને રેલવે વિભાગની ભેટ મળી છે. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ તત્કાલીન કેન્દ્ર સરકારે જમ્મુમાં રેલ્વે વિભાગ બનાવવાની જાહેરાત કરી હતી. હવે રેલ્વે મંત્રાલયે જમ્મુમાં રેલ્વે વિભાગની સ્થાપનાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. રેલવેના દસ હજાર કર્મચારીઓને તેનો લાભ મળશે. કાશ્મીર માટે સીધી ટ્રેન સુવિધા શરૂ થાય તે પહેલા જ જમ્મુમાં રેલ્વે વિભાગની સ્થાપના અને કામગીરીની પ્રક્રિયા શરૂ થવાની જાહેરાત કરવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી ડો.જિતેન્દ્ર સિંહે ટ્વિટર પર એક ટ્વીટ કરીને આ માહિતી આપી છે.



જાન્યુઆરી સુધીમાં કન્યાકુમારીને રેલ્વે માર્ગે કાશ્મીર સાથે સીધું જોડવામાં આવશે. જમ્મુ અને કાશ્મીરમાં ઝડપથી વિસ્તરી રહેલા રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ધ્યાનમાં રાખીને જમ્મુ રેલ્વે ડિવિઝન હોવું જરૂરી બની ગયું છે. આ માટેની બ્લુ પ્રિન્ટ ઘણા સમય પહેલા તૈયાર કરવામાં આવી હતી, પ રંતુ મંજૂરી મળી રહી ન હતી. હવે કેન્દ્રીય રેલવે મંત્રીએ આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. પ્રસ્તાવિત બ્લૂ પ્રિન્ટમાં નવા રેલ્વે વિભાગનું મુખ્યાલય જમ્મુમાં હશે. તે પંજાબના સુજાનપુરથી કાશ્મીરના બારામુલા સુધી લગભગ ૪૧૭ કિલોમીટરની રેલ્વે લાઈનને આવરી શકે છે, જેમાં ૪૩ સ્ટેશન હશે. હાલમાં ફિરોઝપુર દેશના સૌથી મોટા રેલ્વે વિભાગમાં આવે છે. તે પંજાબ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરના ૧૮૦૦ કિલોમીટર લાંબા રેલવે ટ્રેક પર ચાલે છે. આ ડિવિઝનમાં ૨૩૯ નાના-મોટા રેલવે સ્ટેશન છે.

ટ્વીટર પર પોતાના ટ્વીટમાં ડૉ.જિતેન્દ્ર સિંહે જમ્મુ માટે સારા સમાચાર લખ્યા. રેલવે જમ્મુમાં સ્પેશિયલ ડિવિઝન હેડક્વાર્ટર બનાવશે. જમ્મુ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ અરુણ ગુપ્તાના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ મને મળ્યું અને જમ્મુમાં રેલ્વે ડિવિઝન હેડક્વાર્ટર સ્થાપવાનો પ્રસ્તાવ મૂક્યો. આ મામલો રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે ઉઠાવવામાં આવ્યો હતો.

રેલવે મંત્રાલયે આ પ્રસ્તાવને સ્વીકારી લીધો છે અને તેના માટે પ્રક્રિયા શરૂ કરી દીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જમ્મુમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રગતિ પર વ્યક્તિગત રીતે નજર રાખી રહ્યા છે. તે જમ્મુને તેનું યોગ્ય વળતર આપવા અને જમ્મુમાં રેલ્વે સુવિધાઓ અને રેલ્વે વહીવટી માળખું મજબૂત કરવા આતુર છે.

### હિંસાગ્રસ્ત મણિપુરના ૫ જિલ્લાના

# ૬ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં ફરી એએફએસપીએ લદાયો

| મણિપુર, તા.૧૫ |

વંશિય હિંસાને પગલે કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને કારણે કેન્દ્ર સરકારે ગુરુવારે મણિપુરના હિંસાગ્રસ્ત જીરીબામ સહિત છ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર્સ એક્ટ ફરીથી લાગુ કર્યો હતો. પ ોલીસે જીરીબામ અને ચુરાચંદપ ુર જિલ્લામાંથી શસ્ત્રો અને દારૂગોળો જપ્ત કરાયા હોવાની જાહેરાત કર્યા પછી કેન્દ્ર સરકારે આ અંગેનું નોટિફિકેશન જારી કર્યું હતું. આ ધારા હેઠળ શસ્ત્રદળોને સર્ચ, ધરપકડ અને ફાયરિંગ સહિતની વ્યાપક સત્તાઓ મળે છે. કેન્દ્રીય ગૃ હ મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું હતું કે વંશિય હિંસાને કારણે સ્થિતિ પ્રવાહી હોવાથી આ નિર્ણય કરાયો હતો. બુધવારે જીરીબામ જિલ્લાના ચંપાનગર, નારાયણપુર અને થાંગબોઈપ ુંજરે વિસ્તારોમાં કોર્ડન અને સર્ચ ઓપરેશન દરમિયાન, એક ૨ ઈંચ મોર્ટાર, છત્રીસ જીવંત બેરલ કારતુસ અને પાંચ ખાલી બેરલ કારતુસ જપ્ત કરાયા



હતા. પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચુરાચંદપ ુર જિલ્લાના એચ કોટલિયન ગામમાંથી પણ એક .૩૦૩ રાઈફલ, એક ૯ એમએમ પિ સ્તોલ, બે ટૂંકી રેન્જની સ્થાનિક રીતે બનાવેલી તોપ, બે લાંબા અંતરની સ્થાનિક રીતે બનાવેલી તોપ, પાંચ એકે ૪૭ લાઈવ રાઉન્ડ, બે ૯ એમએમ લાઈવ રાઉન્ડ, ચાર ૧૨-બોર કાર્ટ કેસ અને અઢાર .૩૦૩ રાઈફલ મોડિફાઈડ લાઈવ રાઉન્ડ જપ્ત કરવામાં આવ્યા હતાં. એએફએસપીએ ફરીથી લાગુ કરવામાં આવ્યો છે તેવા પોલીસ સ્ટેશન એરિયામાં ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના સેકમાઈ અને લમસાંગ, ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના લામલાઈ, જીરીબામ જિલ્લાના જીરીબામ, કાંગપ ોકપી જિલ્લાના લીમાખોંગ તથા બિષ્ણુપુર જિલ્લાના મોઈરાંગનો સમાવેશ થાય છે. પહેલી ઓક્ટોબરે મણિપુર સરકારે આ છનો સમાવેશ સાથે ૧૯ પોલીસ સ્ટેશન વિસ્તારો સિવાયના સમગ્ર રાજ્યમાં એએફએસપીએ લાગુ કર્યો હતો. મણિપુર પોલીસે સોમવારે જણાવ્યું હતું કે અત્યાધુનિક હથિયારોથી સજ્જ ઉગ્રવાદીઓ મણિપુરના જીરીબામ જિલ્લામાં પોલીસ સ્ટેશન અને નજીકના સીઆરપીએ કેમ્પ પર અંધાધૂંધ ગોળીબાર કર્યા પ છી સુરક્ષા દળો સાથેની ભીષણ ગોળીબારમાં ૧૦ શંકાસ્પદ આતંકવાદીઓ માર્યા ગયા હતાં.

### પ્રદૂષણના સ્તરને ધ્યાનમાં રાખીને ૧૫ નવેમ્બરે જીઆરએપી ૩ લાગુ કરવાનો નિર્ણય

# દિલ્હી ગેસ ચેમ્બરથી પણ ખરાબ થઈ ગયું । એકયુઆઇ ૪૫૦ને પાર ગયું

| નવીદિલ્હી,તા.૧૫ |

આ દિવસોમાં દિલ્હી ગેસ ચેમ્બર બની ગયું છે. કોંગ્રેસ પ ાર્ટીના નેતા પ્રિયંકા ગાંધીએ પણ ગુરુવારે કહ્યું હતું કે દિલ્હી ગેસ ચેમ્બર બની ગયું છે. વાયનાડની હવા સારી છે. ગુરુવારે દિલ્હીનું એકયુઆઈ સ્તર ૪૦૦ને પાર કરી ગયું હતું. પ્રદૂષણના સ્તરને ધ્યાનમાં રાખીને ૧૫ નવેમ્બરે જીઆરએપી ૩ લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના કારણે દિલ્હીમાં બાંધકામ સંબંધિત કામો અટકી શકે છે. આ ઉપરાંત ઈમારતોના ડિમોલિશન અને બાંધકામ અને ખાણકામને લગતી પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે બંધ થઈ જશે. ઉપરાંત, સરકાર શાળાઓમાં રજાનો નિર્ણય લીધો છે.જો દિલ્હીના એકયુઆઈની વાત કરીએ તો દિલ્હીના અલીપુરનો એકયુઆઈ ૩૯૮ છે, આનંદ વિહાર ૪૪૧ છે, અશોક વિહાર



૪૪૦ છે, ચાંદની ચોક ૩૪૭ છે, બવાના ૪૫૫ છે, મથુરા રોડ ૩૯૯ છે, ઈન્દિરા ગાંધી એરપોર્ટ ૪૪૬ છે, દિલશાદ ગાર્ડ છે. નરેલામાં ૪૦૭, ૪૪૭, દિલ્હી યુનિવર્સિટી નોર્થ કેમ્પસમાં ૪૪૮, નેહરુ નગરમાં ૪૮૦, ઓખલા ફેઝ ૨માં ૪૨૨, દ્વારકામાં ૪૪૪, પંજાબી બાગમાં ૪૪૩, પતપરગંજમાં ૪૭૫, પુરામાં ૪૪૮, આરકે પુરમમાં ૪૭૭, રોહીનીમાં ૪૭૭ આઈટીઓમાં ૪૫૮ એકયુઆઈ ૩૫૮,જેએલએન સ્ટેડિયમમાં ૪૪૪, જહાંગીરપુરીમાં ૪૬૮, નજફગઢમાં ૪૦૪, લોધી રોડમાં ૩૧૪ નોંધાયા છે.આ અંગે દિલ્હી સરકારે ગુરુવારે ગ્રીન વોર રૂમમાં પર્યાવરણ વૈજ્ઞાનિકો સાથે બેઠક યોજી હતી. આ બેઠક બાદ પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે દિલ્હીમાં ગ્રુપ ૩ની ગાઈડલાઈનનું કડકાઈથી પાલન કરવા સૂચના આપી હતી. ડેટા અનુસાર, દિલ્હીમાં સરેરાશ એકયુઆઈ ૪૦૪ પર પહોંચી ગયો છે.

## બાળકની ડાબી આંખની જગ્યાએ કર્યું જમણી આંખનું ઓપરેશન

| નવી દિલ્હી, તા.૧૫ |

ગ્રેટર નોઈડામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં સાત વર્ષના બાળકની ડાબી આંખની જગ્યાએ જમણી આંખનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. તબીબની બેદરકારી સામે ભારે હોબાળો થયો હતો. સર્જરી માટે ૪૫૦૦૦ રૂપિયા જમા કરાવ્યા હતા. પીડિત પરિવારે લેખિત ફરિયાદ બાદ કાર્યવાહીની માંગ કરી છે.એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે કે ગ્રેટર નોઈડાના બીટા-૨માં રહેતા સાત વર્ષના યુધિષ્ઠિર નાગરની ડાબી આંખમાંથી પાણી નીકળવાને કારણે આંખનું ઓપરેશન કરવું કરવાનું હતું. ડોક્ટરની બેદરકારીના કારણે જમણી આંખનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. પિતાએ આનંદ સ્પેક્ટ્રમ હોસ્પિટલ, ગ્રેટર નોઈડાના ડૉક્ટર પર આરોપ લગાવ્યો છે. તેમણે આ મામલે ચીફ મેડિકલ ઓફિસરને ફરિયાદ કરી છે.ફરિયાદી નીતિન ભાટીનું કહેવું છે કે એક અઠવાડિયા પહેલા તેમના પુત્ર યુધિષ્ઠિરની ડાબી આંખમાંથી પાણી આવવા લાગ્યું હતું. સારવાર માટે તેમણે તેમના પુત્રને આણંદ સ્પેક્ટ્રમ હોસ્પિટલના ડૉક્ટર પાસે તપાસ કરાવી હતી, જેમાં તેને ડાબી આંખની અંદર પ્લાસ્ટિક જેવી ધાતુ હોવાની જાણ થઈ. જ્યારે દવાઓથી રાહત ન મળી ત્યારે તેઓ ૧૧ નવેમ્બરે તેમના પુત્રને ડૉક્ટર પાસે લઈ ગયા. બીજા દિવસે તેમણે આંખના ઓપરેશન માટે ૪૫,૦૦૦ રૂપિયા જમા કરાવ્યા.જે બાદ તેમના પુત્રના સફળ ઓપરેશનની જાણકારી આપી.

### આમ આદમી પાર્ટીનું કહેવું છે કે

# ચંદીગઢ પંજાબનું છે અને અમે એક ઇંચ પણ જમીન નહીં આપીએ : હરપાલ સિંહ ચીમા

**વિધાનસભા બિલ્ડિંગના નિર્માણ માટે હરિયાણાને ચંદીગઢમાં ૧૦ એકર જમીનની ફાળવણીને મંજૂરી આપવાના કેન્દ્રના અહેવાલ પગલાની ટીકા કરી**

| ચંડીગઢ,તા.૧૫ |

આમ આદમી પાર્ટીનું કહેવું છે કે ચંદીગઢ પંજાબનું છે અને અહીં વિધાનસભા બિલ્ડિંગના નિર્માણ માટે હરિયાણાને એક ઈંચ પણ જમીન ન આપવી જોઈએ. આપનું એક પ્રતિનિધિમંડળ પંજાબના રાજ્યપાલ ગુલાબ ચંદ કટારિયાને મળ્યું હતું અને આ વિનંતી કરી હતી. પંજાબમાં સત્તારૂઢ આપ અને રાજ્યના વિરોધ પક્ષોએ વિધાનસભા બિલ્ડિંગના નિર્માણ માટે હરિયાણાને ચંદીગઢમાં ૧૦ એકર જમીનની ફાળવણીને મંજૂરી આપવાના કેન્દ્રના અહેવાલ પગલાની ટીકા કરી છે.પંજાબ અને હરિયાણાના શાસક પક્ષો - આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે આ મુદ્દે જોરદાર દલીલબાજી થઈ હતી. કટારિયાને મળ્યા પછી, પંજાબના મંત્રી હરપાલ સિંહ ચીમાના નેતૃત્વમાં આપ પ્રતિનિધિમંડળે પત્રકારોને કહ્યું, "ચંદીગઢ પ ંજાબનું છે અને અમે એક ઈંચ પણ જમીન નહીં આપીએ... ચંદીગઢ પર પંજાબનો અધિકાર છે અને અમે અમારો અધિકાર આપીશું." માટે લડવું. આ અંગે અમે રાજ્યપાલને મેમોરેન્ડમ આપ્યું છે. અમે કહ્યું છે કે ચંદીગઢમાં એસેમ્બલી બિલ્ડિંગના નિર્માણ માટે હરિયાણાને કોઈ જમીન ન ફાળવવામાં આવે.રાજ્યપાલ કટારિયા કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢના પ્રશાસક પણ છે, જે પંજાબ અને હરિયાણા બંનેની સામાન્ય રાજધાની છે. હરિયાણાની રચના ૧૯૬૬માં અલગ રાજ્ય તરીકે કરવામાં આવી હતી. ચીમાએ કહ્યું, "ચંદીગઢ પ ંજાબનો એક ભાગ છે અને તે પંજાબની રાજધાની છે. હરિયાણાને ચંદીગઢમાં વિધાનસભા ભવન બનાવવાનો અધિકાર નથી.હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈનીએ અહીં એક અલગ કાર્યક્રમમાં બોલતા આપ પર નિશાન સાધ્યું અને તેને આ મુદ્દે 'સસ્તી રાજનીતિ' ન કરવા કહ્યું. તેમણે કહ્યું કે ચંદીગઢ હરિયાણા અને પંજાબ બંનેનો ભાગ છે અને હરિયાણાનો પણ ચંદીગઢ પર અધિકાર છે. સૈનીએ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનની આગેવાનીવાળી સરકારને હરિયાણાને એસવાયએલનું પાણી આપવા પણ કહ્યું હતું.

# યુપી પેટાચૂંટણીમાં ભાજપ પોતાની તમામ તાકાત લગાવી રહ્યું છે : ડેપ્યુટી સીએમ

| લખનૌ, તા.૧૫ |

યુપીમાં ૯ બેઠકો પર યોજાઈ રહેલી પેટાચૂંટણીમાં ભાજપ પોતાની પૂરી તાકાત લગાવી રહ્યું છે. તમામ પેટાચૂંટણી બેઠકો પર ભાજપ પોતાના વરિષ્ઠ નેતાઓ સાથે પ્રચાર કરી રહી છે. આ અંતર્ગત આજે તેમણે પોતાના ડેપ્યુટી સીએમને કુંડારકી વિધાનસભામાં ઉતાર્યા છે. મુરાદાબાદની કુંડાર્કી વિધાનસભામાં પણ ભાજપ મુસ્લિમ મતોને પોતાની તરફ લાવવાનો પ્રયાસ કરી રહી છે. આ કારણોસર, આજે યુપીના નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક કુંડાર્કીમાં લઘુમતી સંમેલન કરશે અને ભાજપના ઉમેદવાર રામવીર સિંહ ઠાકુર માટે મુસ્લિમો પાસેથી મત માંગશે.



રામવીર સિંહ પણ આ પેટાચૂંટણીમાં સખત મહેનત કરતા જોવા મળી રહ્યા છે. આ પહેલા રામવીર સિંહ ઠાકુર નેટેડ કેપ અને અરબી સ્કાર્ફ પહેરીને મુસ્લિમ સભામાં વોટ માંગતા જોવા મળ્યા હતા. આ દિવસોમાં મુસ્લિમ વિસ્તારોમાં પ્રચારમાં નારા પણ લગાવવામાં આવી રહ્યા છે, "કોઈ અંતર નથી, કોઈ અંતર નથી, રામવીર અમારા ભાઈ છે."

તમને જણાવી દઈએ કે કુંડારકી સીટ મુસ્લિમ પ્રભુત્વવાળી સીટ છે. અહીં લગભગ ૩.૯૫ લાખ મતદારો છે, જેમાંથી મુસ્લિમ મતદારો લગભગ ૨.૪ લાખ એટલે કે લગભગ ૬૦ ટકા છે. ૧૯૯૩થી ભાજપે કુંડારકી બેઠક જીતી નથી, ભાજપ આ ઈતિહાસ બદલવાનો પ્રયાસ કરી રહી છે. સપાના ઝિયાઉર રહેમાન બર્ક સાંસદ બન્યા બાદ અહીં પેટાચૂંટણી યોજાઈ રહી છે. જ્યારે સમાજવાદી પાર્ટીના ઉમેદવાર હાજી મોહમ્મદ રિઝવાન તુર્ક મુસ્લિમ છે.

## મહારાષ્ટ્રના હિંગોલીમાં અમિત શાહની બેગની તપાસ કરાઇ

| મુંબઇ, તા.૧૫ |

મહારાષ્ટ્રના હિંગોલીમાં ગૃહમંત્રી અમિત શાહની બેગની તપાસ કરવામાં આવી હતી. ચૂંટણી પંચના અધિકારીઓએ શાહની બેગ તપાસી હતી. ઉદ્ધવ ઠાકરેની બેગની તપાસને લઈને ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે આ ઘટના બની છે. સોમવારે યવતમાલ જિલ્લામાં અને મંગળવારે લાતુરમાં ઉદ્ધવ ઠાકરેની બેગની બે વાર તપાસ કરવામાં આવી હતી.અમિત શાહે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર બેગ ચેકિંગને લઈને આ માહિતી આપી છે શાહે લખ્યું છે કે, આજે મહારાષ્ટ્રની હિંગોલી વિધાનસભામાં ચૂંટણી પ્રચાર દરમિયાન ચૂંટણી પંચના અધિકારીઓ દ્વારા મારા હેલિકોપ્ટરની તપાસ કરવામાં આવી હતી.

### દિલ્હી-એનસીઆરમાં જીઆરએપી સ્ટેજ-૩ના નિયંત્રણોનો આજથી અમલ

# દિલ્હીમાં બાંધકામ અને ઇમારતો તોડવા પર પ્રતિબંધ

| મુંબઈ, તા.૧૫ |

દિલ્હીમાં પ્રદૂષણ ચેતવણીજનક સપાટીએ પ હોંચ્યું છે ત્યારે કેન્દ્રીય પ્રદૂષણ નિયમનકર્તાએ ગુરુવારથી દિલ્હી-એનસીઆરમાં ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન સ્ટેજ-૩ હેઠળ નિયંત્રણ અમલી બનાવ્યા છે, જે શુક્રવારથી લાગુ થશે. દેશની રાજધાનીમાં હવાની ગુણવત્તા સતત બીજા દિવસે 'ગંભીર' કેટેગરીમાં રહી હોવાથી કડક પ ગલાંની ફરજ પડી છે.નિયંત્રણ




લાદવાનો નિર્ણય કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (ઝછઊસ) દ્વારા લેવાયો હતો. ય્ઇછઁના ત્રીજા તબક્કા હેઠળ ઈલેક્ટ્રિક બસો, સીએનજી વાહનો અને બીએસ-૬ ડિઝલ બસો સિવાય એનસીઆરની તમામ આંતરરાજ્ય બસોના દિલ્હીમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ઉપરાંત, બાંધકામ અને ઈમારતો તોડવાની પ્રવૃત્તિ અટકાવી દેવા આદેશ અપાયો છે. નિયંત્રણોને પગલે માઈનિંગ સંબંધી કામકાજ પણ કરી નહીં શકાય. ધોરણ-૫ સુધીના વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવા તેમજ મુખ્ય માર્ગો પર રોજ પાણીના છંટકાવના નિર્દેશ અપાયા છે.જીઆરએપી સ્ટેજ-૩ અંતર્ગત દિલ્હી તેમજ ગુરુગ્રામ, ફરિદાબાદ, ગાઝિયાબાદ અને ગૌતમ બુદ્ધ નગરમાં બીએસ-૩ પ ેટ્રોલ અને બીએસ-૪ ડિઝલ વાહનો ચલાવવા પર પ્રતિબંધ રહેશે.



**ઠગાઈના કેસમાં ૨૦૧૫ના વર્ષથી સુકેશ જેલમાં બંધ છે**

# જેકલીનને ખુશ કરવા હોલિવૂડમાં રૂ.૧૧૩૦ કરોડ રોકીશ: સુકેશ



કૌભાંડી સુકેશ ચક્રવર્તી જેલવાસ દરમિયાન સતત જેકલીન ફર્નાન્ડિઝ પ્રત્યે લાગણી વ્યક્ત કરી રહ્યો છે. રૂ.૨૦૦ કરોડના કૌભાંડીએ જેલમાંથી અમેરિકાના પદનામિત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને અભિનંદન આપતો પત્ર લખ્યો છે. જેમાં સુકેશે પોતાના લેડી લવ જેકલીનને ખુશ કરવા લોસ એન્જેલસ સ્ટુડિયોમાં ૧૩૫ મિલિયન ડોલર (રૂ.૧૧૩૦ કરોડ)નું રોકાણ કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે. સુકેશે પોતાના પત્રમાં ટ્રમ્પને 'બિગ બ્રો' ગણાવ્યા છે અને અમેરિકાની ચૂંટણીમાં વિજય બદલ શુભેચ્છા આપી છે. હાથેથી લખેલા પત્રમાં સુકેશે એક દાયકા અગાઉ ટ્રમ્પ સાથે થયેલી મુલાકાતનું સ્મરણ કર્યું હતું. જેમાં ટ્રમ્પે આપેલી સલાહને તેણે યાદ કરી હતી. સુકેશના દાવા મુજબ, ટ્રમ્પે તેને જણાવ્યુ હતું કે, દુનિયા જેવી છે તેનો સ્વીકાર કરી લો અથવા તેમાં પોતાની રીતે ફેરફાર લાવો. ટ્રમ્પની આ સલાહ સતત કાનમાં ગૂંજતી હોવાનો અને પ્રોત્સાહિત કરતી હોવાનો દાવો સુકેશે કર્યો છે. પત્રમાં સુકેશે બે કંપનીનો ઉલ્લેખ કર્યો છે. એલએસ હોલ્ડ્ગ્સ અને એલએસ ગેમિંગ એલએલસી કંપની નામની આ કંપની પોતાની હોવાનું સુકેશે કહ્યું છે. આગામી બે વર્ષ દરમિયાન અમેરિકામાં આ બંને કંપનીનું રોકાણ વધારીને ૫૦૦ મિલિયન ડોલર (રૂ.૪૨૦૦ કરોડ) કરવાનું આયોજન સુકેશે જાહેર કર્યું છે. સુકેશે જેકલીન સાથે વીતાવેલા સમયને પણ યાદ કર્યો હતો અને જેકલીને આપેલી સલાહ વાગોળી હતી. જેમાં જેકલીને કહ્યું હતું કે, તમારી મહિલાનું હંમેશા સન્માન જાળવવું જોઈએ અને તેને ખાસ હોવાનો અનુભવ કરાવવો જોઈએ. જેકલીનની આ ખુશી માટે લોસ એન્જેલસમાં આવેલા મોટા પ્રોડક્શન હાઉસમાં ૧૩૫ મિલિયન ડોલરનું રોકાણ નક્કી કર્યું છે. જેથી તેને સ્પેશિયલ ફીલ કરાવી શકાય.

# હુમા કુરેશીએ પહેલી બૂક શારજાહમાં લોંચ કરી

**હુમાની બૂક 'ઝેબા' એક સુપરહિરોની સ્ટોરી પર આધારિત છે**



હુમા કુરેશીએ શારજાહમાં એક ઈન્ટરનેશનલ બૂક ફેરમાં હાજર રહી હતી. જેમાં તેણે પોતાની પહેલી સુપરવુમન કેરેક્ટર પર આધારિત એક નવલકથા 'ઝેબા –ધ એક્સિડેન્ટલ સુપરહિરો' લોંચ કરી હતી. ઝેબા એક ૩૦ વર્ષની આસપાસની ઉમરની છોકરી છે, જેને દુનિયાને બચાવવાનું કામ સોંપવામાં આવ્યું છે.આ નવલકથા વિશે વાત કરતાં હુમાએ જણાવ્યું, ''મને હંમેશા જે લોકો પર્ફેક્ટ નથી તેમ છતાં મહાન કામો કરતા હોય, એ વિચારે બહુ આકર્ષી છે. ઝેબાની ખામીઓ છે, તેની પણ નબળાઈઓ છે, તે પણ મુશ્કેલીમાં મુંઝાઈ જાય છે. આ પ્રકારની વાર્તાઓ આપણને એ માનવા પ્રેરે છે કે આપણામાં પણ અંદર એક હિરો છુપાયેલો છે. તેથી આ પાત્ર સાથે આપણે આપણી જાતને જોડી શકીએ છીએ.''આ નવલકથાના પાત્રો વિશે હુમા કહે છે, ''મને લાગે છે કે બધા જ પાત્ર હું જ છું. આ બૂકની ખાસિયત એ છે કે તેનું દરેક પ્રકરણ પહેલા પુરુષમાં લખાયેલું છે અને દરેક પ્રકરણનું અલગ પાત્ર છે, જે પુસ્તકને આગળ લઈ જાય છે. જેમકે, એક પ્રકરણ ઝેબા અને તેના અંદરના અવાજ પર હોય તો બીજું પ્રકરણ તેના માતા કે પિતા હોઈ શકે છે. આ પ્રક્રિયા અને એક એક્ટર તરીકે આ પ્રકારનું વર્ણન મારા માટે બહુ રસપ્રદ હતું.''આ નવલકથા લખવાની પ્રક્રિયા વિશે હુમાએ જણાવ્યું હતું, ''ઝેબાનો જન્મ કોવિડના સમયે થયો હતો. હું એવી વ્યક્તિ છું જેને હંમેશા કામ કરતાં રહેવું અને એક પછી એક કામનું આયોજન કરતાં રહેવું ગમે છે. તેથી જ્યારે પેન્ડેમિક આવ્યું અને મારી પાસે બહુ સમય હતો.

# ત્રણ મોટી ફિલ્મોની એક સાથે રિલીઝથી બોક્સ ઓફિસ પર ધનતેરસનો માહોલ

**સિંઘમ અગેઇન, ભૂલભુલૈયા ૩ અને અમારને મળીને ઓનલાઇન પ્લેટફોર્મ પર બુકિંગમાં એક કરોડનો આંકડો પાર કર્યો**



બોક્સ ઓફિસ માટે આ દિવાળી ખરેખર ધનવર્ષાથી ભરપૂર રહી છે. જ્યારે આ દિવાળીએ એકસાથે લગભગ સાત ફિલ્મો એક સાથે થિએટરમાં ચાલી રહી હતી. તેમાં એક સાથે બે મોટી ફિલ્મો 'સિંઘમ અગેઈન' અને 'ભૂલભુલૈયા ૩' વચ્ચેની ટક્કર હોય કે પછી તમિલ ફિલ્મો 'અમારન' અને 'બ્લડી બેગર', તેલુગુ ફિલ્મો 'કેએ' અને 'લકી ભાસ્કર' તેમજ કન્નડ ફિલ્મ 'બઘીરા' હતી, જે બધી ફિલ્મોએ લગભગ સારી કમાણી કરી છે. તેમાં પણ મહત્વની વાત એ છે કે ત્રણ મોટી ફિલ્મો 'સિંઘમ અગેઈન' અને 'ભૂલભુલૈયા ૩' અને 'અમારન'ની ઓલાઈન ટિકિટ બૂકિંગ પ્લેટફર્મ બુકમાયશો પર લગભગ ૧ કરોડ ટિકિટ વેચાઈ છે. દિવાળી પર રિલીઝ થયેલી અન્ય ફિલ્મોનો પણ જો સમાવેશ કરવામાં આવે તો આ આંકડો હજુ વધી શકે તેમ છે. જોકે, ત્રણ મોટી ફિલ્મોએ દિવાળી વખતે બોક્સ ઓફિસ પર રાજ કર્યું છે. દિવાળીથી ૧૨ દિવસોમાં સાઉથની ૩ ફિલ્મોએ વર્લ્ડ વાઈડ ૨૫૨ કરોડની કમાણી કરી છે. જ્યારે 'સિંઘમ અગેઈન' અને 'ભૂલભુલૈયા ૩' એ ૧૧ દિવસમાં ૩૩૧ કરોડ ભારતમાં અને વર્લ્ડ વાઈડ ૩૩૫ કરોડની કમાણી કરી છે. આ આંકડાઓમાંથી સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મનો અંદાજ લગાવવો મુશ્કેલ છે, પરંતુ સિવાકાર્તિકેયનની ફિલ્મની બુકમાયશો પર ૩.૭ લાખ ટિકિટો વેચાઈ છે. 'સિંઘમ અગેઈન'ની ૩.૧ લાખ ટિકિટ અને 'ભૂલભુલૈયા ૩'ની ૩.૬ ટિકિટ વેચાઈ છે. 'ભુલભુલૈયા ૩'ની વાત કરવામાં આવે તો આ ફિલ્મના એડવાન્સ બુકિંગ દ્વારા ૫૬૮.૩૭ હજાર ટિકિટ વેચાઈ હતી.

# શાહરૂખ ખાન ફેન્સને ફરી એકવાર બતાવશે 'સર્કસ'

એક જમાનામાં દૂરદર્શન પર લોકો ફીદા હતા. અને તેમા આવતા કાર્યક્રમ માટે લોકો કાગડોળે રાહ જોઈને બેસતાં હતા. આવી અનેક ભુલાઈ ગયેલી યાદો છે, જે હવે દર્શકો માટે સોનેરી ક્ષણોથી ઓછી નથી. હવે આવા ઘણા શો દૂરદર્શન પર ફરીથી પ્રસારિત કરવામાં આવ્યા છે, જે દર્શકોને જૂના દિવસોની યાદ અપાવતા હતા. તાજેતરમાં જ શાહરૂખ ખાનનો હિટ શો 'ફૌજી' ફરીથી ટેલિકાસ્ટ થયો હતો. 'ફૌજી ૨'ના પ્રીમિયર પહેલા, અભિનેતાના 'ફૌજી'ના આઠ એપિસોડ પ્રસારિત થયા હતા. તે જ સમયે, હવે શાહરૂખ ખાનનો વધુ એક મજેદાર શો દર્શકોનું મનોરંજન કરવા માટે પાછો આવી રહ્યો છે.શાહરૂખ ખાન હવે 'સર્કસ' દ્વારા દર્શકોનું મનોરંજન કરવા માટે ફરી પાછો ફરી રહ્યો છે. દૂરદર્શને તેના ઠ એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરીને 'સર્કસ'ના પુનઃપ્રસારણની સત્તાવાર જાહેરાત કરી. દૂરદર્શને 'સર્કસ'માંથી શાહરૂખ ખાનની કેટલીક ઝલક શેર કરી અને ટ્વીટ કર્યું, 'એ કેવા દિવસો હતા, જ્યારે શાહરૂખ અમારા ટીવી સ્ક્રીન પર સર્કસમાં બબલી પાત્રમાં દેખાતો હતો. અમે એ જ યાદો સાથે પાછા ફર્યા છીએ. સર્કસ જુઓ, સોમવારથી શુક્રવાર, બપોરે ૧૨:૦૦ કલાકે માત્ર ડીડી નેશનલ પર.'સર્કસ'માં સર્કસ મંડળના સભ્ય શેખરનની ભૂમિકા શાહરૂખની શરૂઆતની ભૂમિકાઓમાંની એક હતી અને જેઓ નેવુંના દાયકામાં દૂરદર્શન જોઈને મોટા થયા હતા.

# ગુલશન કુમાર પરની બાયૉપિક પોસ્ટપોન કરવા દીકરાનો નિર્ણય

**ભુષણ કુમાર હાલ તો 'ભુલભુલૈયા ૩'ની સફળતાનો આનંદ માણે છે**

ભુષણ કુમાર હાલ તો 'ભુલભુલૈયા ૩'ની સફળતાનો આનંદ માણે છે. તાજેતરમાં તેમણે તેમની આવનારી ફિલ્મ પિતા ગુલશનકુમારની બાયૉપિક વિશે પણ વાત કરી હતી. જોકે, આ ફિલ્મ વિશે ઓફિશિયલી કોઈ જાહેરાત થઈ નથી. પરંતુ આ ફિલ્મ અંગે ઘણી ચર્ચા હતી, કારણ કે તેમાં આમિર ખાન લીડ રોલમાં હતો. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં ભુષણ કુમારે કહ્યું હતું કે તેમની પાસે આ ફિલ્મની સ્ક્રિપ્ટ પણ હતી, પરંતુ તેમના માતા સહમત ન હોવાથી કામ આગળ વધ્યું નહીં. ''અમે હજુ એ લખી રહ્યા છીએ. અમારી સ્ક્રિપ્ટ પહેલાં તૈયાર જ હતી. અમે ભલે કોઈ ઓફિશિયલ જાહેરાત ન કરી હોય તેમ છતાં બધાં જાણતાં હતાં કે, આમિર ખાન તેનો ભાગ હતો. એ હજુ પણ આ કામ કરવા માગે છે, તે મને હંમેશા કહે છે કે તેણે વાંચેલી આ શ્રેષ્ઠ સ્ક્રિપ્ટ છે. પરંતુ અમારા પરિવાર તરફથી તેમાં થોડો ખચકાટ હતો, ખાસ કરીને મારા માતા, એ કોઈ અલગ દૃષ્ટિકોણથી આ વાર્તા કહેવા માગતી હતી અને અમે કોઈ બીજા દૃષ્ટિકોણથી લખી હતી.''આગળ ભૂષણકુમારે કહ્યું, ''મારી માતા જે સ્ક્રિપ્ટ સાથે સહમત ન હોય તો હું મારા પિતા વિશે ફિલ્મ બિલકુલ બનાવી ન શકું. એક વખત એ સહમત થશે, જે સમયાંતરે થવાના જ છે, ત્યારે દુનિયાને એક પ્રેરણાદાયી સ્ટોરી જોવા મળશે. અમે પહેલાની સ્ક્રિપ્ટ રદ નથી કરી, માત્ર એમાં થોડાં ફેરફાર કરી રહ્યા છીએ. મારા મતા પણ ઈચ્છે છે કે જે લોકો તેમના વિશે નથી જાણતા એવી વાતો લોકોને જાણવા મળે.''૧૯૮૩માં ભુષણકુમારના પિતા ગુલશન કુમારે ટી-સિરીઝની સ્થાપના કરી હતી.



# ફ્રેન્ચાઈઝીનો ક્રેઝ: સોનુ કે ટીટુ કી સ્વીટીનો પણ બીજો ભાગ આવશે

બોલીવૂડમાં 'ભૂલભૂલૈયા થ્રી' અને 'સિંઘમ અગેઈન' હિટ જતાં તમામ સર્જકોને અને કલાકારોને પોતાની જૂની ફિલ્મોની ફ્રેન્ચાઈઝીને આગળ વધારવાની તલપ જાગી છે. કાર્તિક આર્યને પણ 'ભૂલભૂલૈયા થ્રી'ની સફળતા બાદ તેની હિટ ફિલ્મ 'સોનુ કે ટીટુ કી સ્વીટી'નો બીજો ભાગ બનાવવા પ્રયાસ શરુ કર્યા છે. કાર્તિકે જોકે આ ફિલ્મની જૂની ટીમ સાથે જ કામ કરશે કે કેમ તે હજુ નક્કી નથી. કાર્તિકની આ ફિલ્મ ૨૦૧૮માં રીલિઝ થઈ હતી. તે તેની કારકિર્દીની શરુઆતની હિટ ફિલ્મોમાંની એક મનાય છે. તેમાં નુસરત ભરુચા તેની સહકલાકાર હતી. કાર્તિક વધુ એક ફ્રેન્ચાઈઝી 'પતિ પત્ની ઔર વોહ ટૂ' માટે પણ કામ કરી રહ્યો છે. આ ફિલ્મનું શૂટિંગ મોડું શરુ થવાનું હતું. જોકે, અનુરાગ બસુની 'મેટ્રો ઈન દિનો' રી શૂટના કારણે લંબાઈ જતાં કાર્તિકની અનુરાગ બસુ સાથેની ફિલ્મનું શૂટિંગ પણ ઠેલાયું છે. તેનો લાભ લઈને કાર્તિકે 'પતિ પત્ની ઔર વોહ ટૂ ' માટે શિડયૂલ ફાળવી દીધું છે. ારકિર્દીની શરુઆતની હિટ ફિલ્મોમાંની એક મનાય છે. તેમાં નુસરત ભરુચા તેની સહકલાકાર હતી. કાર્તિક વધુ એક ફ્રેન્ચાઈઝી 'પતિ પત્ની ઔર વોહ ટૂ' માટે પણ કામ કરી રહ્યો છે. આ ફિલ્મનું શૂટિંગ મોડું શરુ થવાનું હતું. જોકે, અનુરાગ બસુની 'મેટ્રો ઈન દિનો' રી શૂટના કારણે લંબાઈ જતાં કાર્તિકની અનુરાગ બસુ સાથેની ફિલ્મનું શૂટિંગ પણ ઠેલાયું છે.



# રાધિકા મર્ચન્ટે નામ બદલીને રાધિકા અંબાણી કર્યું

રાધિકા મર્ચન્ટ અને અનંત અંબાણીએ ૧૨ જુલાઈએ વૈભવી લગ્ન કર્યા પછી હવે રાધિકા મર્ચન્ટે તેની અટક બદલીને રાધિકા અંબાણી કરી દીધી છે. ત્યારે હવે લગ્ન પછી પહેલી વખત એક ઈન્ટરવ્યૂમાં પોતાની પ્રોફેશનલ જર્ની અને ભવિષ્યના આયોજન અંગે વાત કરી હતી. રાધિકા મર્ચન્ટ એનકોર હેલ્થકેરના ડોમેસ્ટિક માર્કેટિંગની એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે. ભારતમાં અને ખાસ કરીને સાઉથના રાજ્યોમાં પોતાની કંપનીનું સ્થાન મજબૂત કરવાનો તેનો દૃઢ નિશ્ચય છે. તેણે સમગ્ર દેશમાં હેલ્થકેરના ગુણવત્તાયુક્ત ઉત્પાદનો માટે ટેક્નોલોજીની મદદ અને તેના મહત્વ વિશે વાત કરી હતી. રાધિકાએ પોતાના પિતા વિરેન મર્ચન્ટની કંપનીમાં કેરિઅરની શરૂઆતમાં શીખેલા મૂલ્યો તેની નેતૃત્વની કુશળતાના મૂળમાં છે. તેણે પિતાની કંપનીની કામગીરીને યોગ્ય રીતે સમજવા માટે મેડિકલ રીપ્રેઝન્ટેટિવથી પોતાની કેરિઅરની શરૂઆત કરી હતી.રાધિકાએ કહ્યું,''મારા પહેલા બોસે મને કહ્યું હતું કે, જો તમે કોઈ કંપનીમાં સેલ્સનું કામ સંભાળી શકો તો તમે એ કંપનીમાં કોઈ પણ હોદ્દા પર કામ કરી શકો છો, કારણ કે સેલ્સમાં તમારે દરેક ઉત્પાદનોની અંદરની અને બહારની બાબતો, ફાયનાન્સ અને ડિસ્ટ્રિબ્યુશન બધું જ સમજવું પડે છે. તેના કારણે તમે સીધા તમારા ગ્રાહકના સંપર્કમાં રહી શકો છો.''આ ઈન્ટરવ્યૂમાં રાધિકાની બહેન અંજલી મર્ચન્ટ સાથે પણ વાત કરવામાં આવી હતી, જે એનકોરમાં ઈન્ટરનેશનલ માર્કેટની એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે. તે કંપનીની વિશ્વકક્ષાએ વિકાસની યોજનાઓ અને કંપનીની ૨૦ દેશોમાં હાજરી વિસ્તારવાની વાત પણ તેણે કરી હતી. તાજેતરમાં જ રાધિકાએ અંબાણી પરિવારની વહુ તરીકે પહેલી વખત પોતાના ૩૦મા જન્મ દિવસની ઉજવણી કરી હતી.



# વિકી કૌશલનો 'મહાઅવતાર' ભગવાન પરશુરામનો રોલ કરશે

**ડિસેમ્બરમાં વિકીની 'છાવા' રિલીઝ થશે**

પહેલાં છેલ્લાં બે દિવસથી વિકી કૌશલ વધુ એક માઈથોલોજિકલ ફિલ્મમાં કામ કરવાનો હોવાની ચર્ચાઓ ચાલી હતી. મેડોક ફિલ્મ્સ હોરર કોમેડી પછી હવે એક માઈથોલોજિકલ ફિલ્મ બનાવવા જઈ રહ્યું છે. બુધવારે આ ફિલ્મનો પહેલો લૂક લોંચ કરવામાં આવ્યો હતો. જેમાં વિક્કી કૌશલ ચિરંજિવી ભગવાન પરશુરામનો રોલ કરવાનો છે. યોદ્ધા ભગવાન પરશુરામની ફિલ્મને 'મહાઅવતાર' નામ આપવામાં આવ્યું છે. સોશિયલ મીડિયા પર આ પોસ્ટર શેર કરવામાં આવ્યું હતું. આ પોસ્ટર શેર થતાં જ વિકીના ફૅન્સ ઉત્સાહમાં આવી ગયા છે. લોકોએ વિકી કૌશલને એક કાચિંડા સાથે સરખાવ્યો છે, જે દરેક ફિલ્મના પાત્રમાં સરળતાથી પોતાની જાતને ઢાળી દે છે. પરશુરામના અવતારમાં વિકી લાંબા વાળ અને લાંબી દાઢી-મૂછ સાથે એકદમ આક્રમક અવતારમાં જોવા મળે છે. સાથે જ એનું બૉડી પણ યોદ્ધા જેવું દેખાય છે. વિકીએ આ પોસ્ટર શેર કરતાં કૅપ્શનમાં લખ્યું હતું,''દિનેશ વિજાન લઈને આવે છે ધર્મના યોદ્ધાની સ્ટોરી! મહાવતારમાં વિકી કૌશલ ચિરંજિવી પરશુરામ તરીકે જોવા મળશે, જે અમર કૌશિક દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે અને ક્રિસમસ ૨૦૨૬ પર સિનેમામાં રજૂ થશે.''જોકે, વિકીના ફૅન્સ દ્વારા અત્યારથી જ આ ફિલ્મને બ્લોકબસ્ટર જાહેર કરી દેવામાં આવી છે. તેમણે વિકી કૌશલને સહજતાથી બ્લોકબસ્ટર ફિલ્મો આપતો કલાકાર ગણાવ્યો હતો. લોકો હજુ તો આતુરતાપૂર્વક 'છાવા'ની રાહ જોઈ રહ્યા છે, ત્યાં તો 'મહાઅવતાર'ની જાહેરાત થઈ ગઈ છે.






# ઝેરી ધુમ્મસની ચાદરમાં તાજમહેલ ઢંકાયો

। નવી દિલ્હી, તા.૧૫ ।

પ્રદૂષણના કારણે ફેલાયેલા ઝેરી ધુમ્મસમાં ગુરુવારે આગ્રા ખાતેનો પ્રખ્યાત તાજમહેલ અને અમૃતસરનું સુવર્ણ મંદિર ઢંકાઈ ગયું હતું તથા દિલ્હીમાં અનેક ફ્લાઈટ્સ વિલંબિત થઈ હતી. કેટલાંક જગ્યાએ પર ગાઢ ધુમ્મસની કારણે નજીકનું જોવામાં પણ મુશ્કેલી પડી હતી. દિલ્હીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ સતત બીજા દિવસે ૪૩૦ના આંકે પહોંચ્યો હતો. પંજાબ અને હરિયાણામાં ખેતરોમાં પરાળી બાળવા માટે લગાવવામાં આવતી આગ, વાહનોના પ્રદૂષણ અને ઉડતી ધૂળને કારણે પ્રદૂષણે આ શિયાળામાં પણ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. ગાઢ ધુમ્મસને કારણે આગ્રા શહેરમાં તાજમહેલ તેની સામેના બગીચાઓમાંથી ભાગ્યે જ દેખાતો હતો. પંજાબમાં સુવર્ણ મંદિરના પણ ગાઢ ધુમ્મસમાં ઢંકાઈ ગયું હતું. દિલ્હીની અનેક ફ્લાઈટમાં વિલંબ થયો હતા. એરપોર્ટથી પ્રસ્થાન કરતી ૮૮% અને એરપોર્ટ પર આવતી ૫૪% ફ્લાઈટ્સમાં વિલંબ થયો હતો. દિલ્હીના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વિઝિબિલિટી ઘટીને ૩૦૦ મીટર (૯૮૦ ફૂટ) થઈ ગઈ હતી. બુધવારે ઝીરો વિઝિબિલિટીને કારણ ઘણી ફ્લાઈટ્સને ડાઈવર્ટ કરાઈ હતી.અધિકારીઓએ જણાવ્યું હતું કે પ્રદૂષણ, ભેજ, ધીમા પવન અને તાપમાનમાં ઘટાડાને કારણે ધુમ્મસમાં વધારો થયો છે.

### ખાલિસ્તાનીઓ કેનેડિયન નાગરિકોને પણ નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે

# આ અમારો દેશ છે, તમે પાછા જતા રહો : ખાલિસ્તાનીઓનો વિરોધ

## એક ન્યૂઝ ચેનલને ટાંકીને ભારતીય સૂત્રોએ કહ્યું છે કે ખાલિસ્તાનીઓ સ્થાનિક કેનેડિયનોને પણ નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે

। સરે, તા.૧૫ ।

ભારત અને કેનેડાના સંબંધોમાં ઝેર ઓક્યા બાદ હવે ખાલિસ્તાનીઓએ કેનેડાના લોકોને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે. કેનેડાના રસ્તાઓ પર 'નગર કીર્તન'નો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં, ખાલિસ્તાન સમર્થકો તમામ હદ વટાવતાં જોવા મળે છે. તેઓ કેનેડાના લોકોને આક્રમણકારો કહી રહ્યા છે અને તેમને ઈંગ્લેન્ડ અને યુરોપ પાછા જવા માટે કહે છે. તેમણે કાઢેલી કૂચ દરમિયાન એક વ્યક્તિને કહેતા સાંભળી શકાય છે કે આ કેનેડા છે. આ અમારો દેશ છે. તમે પાછા જતા રહો. ભારતીય સૂત્રોએ આ ઘટનાને કેનેડામાં અત્યારના દિવસોમાં બની રહેલી સામાન્ય ઘટના ગણાવી છે. તેમણે જણાવ્યું છે કે ખાલિસ્તાનીઓ ધીમે ધીમે દેશની તમામ ચીજો પર



કબજો જમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.એક સ્થાનિક નાગરિકે આ અંગે પોતાની પ્રતિક્રિયા આપતાં લખ્યું છે કે ખાલિસ્તાનીઓ સરેમાં કૂચ કરી રહ્યા છે અને દાવો કરે છે કે અમે જ કેનેડાના માલિક છીએ અને ગોરા લોકોએ યુરોપ અને ઈઝરાયેલ પાછા જતા રહેવું જોઈએ. કેનેડિયન લોકો તેના પર નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. અન્ય યુઝરે કહ્યું છે કે હવે તેમને રોકવું અશક્ય છે, સરે વેસ્ટ ખાલિસ્તાન બનશે અને ટૂંક સમયમાં ગુરપતવંત પન્નુ પશ્ચિમ ખાલિસ્તાનનો પીએમ બનશે.એક ન્યૂઝ ચેનલને ટાંકીને ભારતીય સૂત્રોએ કહ્યું છે કે ખાલિસ્તાનીઓ સ્થાનિક કેનેડિયનોને પણ નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. સુરક્ષા માટે હિંદુઓ પાસેથી પૈસાની માંગ કરવામાં આવી રહી છે અને હવે સ્થાનિક લોકો માટે ખતરો બની ગયા છે.

કેનેડાના મંદિરોમાં હિંદુઓ પર હિંસક હુમલાની ઘટનાઓમાં તાજેતરના વધારા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક નિવેદન જારી કરીને ઈરાદાપૂર્વકના હુમલાની નિંદા કરી છે.ભારતે કેનેડામાં રહીને આતંકી પ્રવૃત્તિ આચરતો અર્શ ડલ્લાના પ્રત્યાપણની માગણી કરી છે. તે હત્યા, હત્યાનો પ્રયાસ, ખંડણી અને ત્રાસવાદી ફાઈનાન્સિંગ સહિતના આતંકવાદી કૃત્યોના ૫૦થી વધુ કેસોમાં ઘોષિત ગુનેગાર છે. ભારતે મે ૨૦૨૨માં તેની સામે રેડ કોર્નર નોટિસ ઈશ્યૂ કરી હતી. તેને ૨૦૨૩માં ભારતમાં ડેઝિગ્નેટેડ આતંકવાદી તરીકે જાહેર કરાયો હતો. જુલાઈ ૨૦૨૩માં ભારત સરકારે કેનેડા સરકારને તેની ધરપકડ માટે વિનંતી કરી હતી જેને નકારી કાઢવામાં આવી હતી. ભારત અને કેનેડાના સંબંધોમાં ઝેર ઓક્યા બાદ હવે ખાલિસ્તાનીઓએ કેનેડાના લોકોને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે.

## લોરેન્સ ગેંગના નિશાના પર શ્રદ્ધા વોકર હત્યાનો આરોપી આફતાબ પૂનાવાલા

। નવીદિલ્હી, તા.૧૫ ।

દિલ્હીના પ્રખ્યાત શ્રદ્ધા વોકર મર્ડર કેસના આરોપી આફતાબ પૂનાવાલા વિશે મોટા સમાચાર સામે આવ્યા છે. એવા અહેવાલો સામે આવ્યા છે કે આફતાબ પૂનાવાલા પણ લોરેન્સ બિશ્નોઈ ગેંગના નિશાના પર છે. તમને જણાવી દઈએ કે પૂનાવાલા પર મે ૨૦૨૨માં શ્રદ્ધા વોકરની કથિત રીતે હત્યા અને પછી તેના શરીરના ટુકડા કરવાનો આરોપ છે. સૂત્રોનું માનીએ તો મીડિયાના અહેવાલોને ધ્યાનમાં લઈને તિહાર જેલ પ્રશાસન પણ સતર્ક થઈ ગયું છે. જેલમાં આફતાબ પૂનાવાલાની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે.તિહાર સૂત્રોએ માહિતી આપી છે કે જેલ પ્રશાસન મીડિયામાં ચાલી રહેલા સમાચારોને ધ્યાનમાં લઈને શ્રદ્ધા વોકર હત્યાના આરોપી આફતાબ પૂનાવાલાની સુરક્ષાને લઈને સતર્ક છે. આફતાબ પૂનાવાલા તિહાર જેલ નંબર ૪માં બંધ છે. તિહારના સૂત્રોના જણાવ્યા અનુસાર, મુંબઈ પોલીસ તરફથી કોઈ સત્તાવાર માહિતી મળી નથી.

## અભિનેતા આમિર ખાન જીવનના આવનારા ૧૦ વર્ષમાં ઘણું કામ કરશે

। મુંબઇ, તા.૧૫ ।

આમિર ખાન બોલિવૂડનો મોટો સુપરસ્ટાર છે. તેણે પોતાના કરિયરમાં ઘણી શાનદાર અને શાનદાર ફિલ્મો આપી છે. ૧૯૮૮માં 'કયામત સે કયામત તક'થી પોતાની કારકિર્દીની શરૂઆત કરનાર આમિર ખાન ત્રણ દાયકાથી વધુ સમયથી હિન્દી સિનેમામાં યોગદાન આપી રહ્યા છે. જો કે આમિરે રોગચાળા પછી ઉદ્યોગ છોડવાનો નિર્ણય લીધો હતો, પરંતુ તેના પરિવારે તેને તેના નિર્ણય પર પુનર્વિચાર કરવાનું સૂચન કર્યું હતું. હવે તાજેતરમાં, આમિરે આગામી દસ વર્ષ માટેની તેની યોજનાઓ વિશે જણાવ્યું છે.જ્યારે આમિર બ્રેકમાંથી પાછો ફર્યો ત્યારે તેણે તરત જ છ પ્રોજેક્ટ હાથ ધર્યા, જે તેની કારકિર્દીમાં પ્રથમ છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં, અભિનેતાએ આ પાછળનું કારણ જણાવ્યું. ધ હોલીવુડ રિપોર્ટર ઈન્ડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં આમિરે કહ્યું હતું કે, "મેં મારા જીવનમાં ક્યારેય એક સાથે છ ફિલ્મો કરી નથી. આ વખતે તેની પાછળ મારું પોતાનું કારણ હતું."અભિનેતાએ વધુમાં ઉમેર્યું, "જ્યારે આખરે મેં નક્કી કર્યું, 'ઠીક છે, હું હવે ફિલ્મો છોડવાનો નથી', ત્યારે મારા મગજમાં આગામી વિચાર આવ્યો કે કદાચ આ મારા કામના જીવનના છેલ્લા ૧૦ વર્ષ છે."


### યુદ્ધ ભારે પડ્યું પુતિનને!

# રશિયાની ત્રીસ જેટલી એરલાઇન્સ દેવાળું ફૂંકવાની તૈયારીમાં । પગાર કરવાના પણ ફાંફાં

## યુક્રેન યુદ્ધ શરૂ થતાં પશ્ચિમના દેશોએ રશિયા ઉપર આર્થિક પ્રતિબંધો મુક્યા છે, તેથી રશિયાને આર્થિક નુકસાન થઇ રહ્યું છે

। નવી દિલ્હી, તા.૧૫ ।

યુક્રેન યુદ્ધને લગભગ ૩ વર્ષ થવા આવ્યાં છે. બંને દેશો એક બીજા ઉપર હુમલા કરી રહ્યા છે. આ યુદ્ધ લાંબુ ખેંચવા માટે પુતિન ઉપર આક્ષેપો મુકાય છે. તેવામાં રશિયાનો વિમાન ઉદ્યોગ એક તાજા સંકટમાં ફસાયો છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે દૈનિક ઈઝવેષ્ટિયામાં કહેવામાં આવ્યું છે કે રશિયાની ૩૦ એરલાઈન્સ કંપનીઓ દેવાળુ ફૂંકવાની કગારે પહોંચી ગઈ છે. આ ૩૦ કંપનીઓ દેશના ૨૫ ટકા યાત્રીઓને લઈ જાય છે. પરંતુ વિત્તીય બોજાને લીધે ૨૦૨૫માં તે દેવાળું ફૂંકે તેમ છે.યુક્રેન યુદ્ધ શરૂ થતાં પશ્ચિમના દેશોએ રશિયા ઉપર આર્થિક પ્રતિબંધો મુક્યા છે. તેથી રશિયાને આર્થિક નુકસાન થઈ રહ્યું છે. આ ૨૫ પૈકી મોટા ભાગની કંપનીઓએ હવે ભાડા પટ્ટે વિમાનો લેવાનું બંધ કરવું પડ્યું છે. પુતિને તે કંપનીઓ માટે દેવાં માફીની કશીક યોજના બનાવી છે. પરંતુ તે કંપનીઓ ઉપર ટેક્ષનો બોજ ઘણો વધી ગયો છે. આ કંપનીઓ ઉપર ૨૫ ટકા ટેક્ષ લાગે છે. મૂળ તો ૨૮ ટકા હતો. જે ઘટાડવો પડયો છે.એ-૩૨૦ વિમાનોની સંભાળ માટે માસિક ૮૦ હજારથી ૧ લાખ ૨૦ હજાર ડોલરનો ખર્ચ થાય છે. આથી ઘણી આંતરિક વિમાન સેવા રદ કરવી પડી છે. પાયલોટને પગાર આપવાનાં ફાંફાં છે તેથી તેઓ નોકરી છોડી રહ્યા છે. તેથી વિમાનોના પરિચાલનમાં મુશ્કેલી થાય છે. સ્ટાફની ઘટને લીધે, શેરેમેત્યેવો ઈંટરનેશનલ એરપોર્ટ પરની ૬૮ ઉડાનો રદ કરવી પડી છે.આ સંકટમાંથી બહાર નીકળવા રશિયા નાના નાના પાડોશી દેશો પાસેથી મદદ માગે છે તે કાજાકિસ્તાન અને ઉઝબેકિસ્તાન સહિત કેટલાયે મધ્ય એશિયાઈ નાના દેશો પાસેથી મદદ માગે છે.



### આ છેતરપિંડી મંત્રીના પુત્રના નામે કરવામાં આવી હતી

# મંત્રી નંદ ગોપાલ નંદીના પુત્રના નામે સાયબર ફ્રોડ, ઠગોએ ૨ કરોડ ૮ લાખની ચોરી કરી

## એકાઉન્ટન્ટને ત્રણ અલગ-અલગ બેંક ખાતામાં પૈસા મોકલવા કહ્યું, તમને જણાવી દઈએ કે આ ઘટના ૧૩ નવેમ્બરે બની હતી

। લખનૌ, તા.૧૫ ।

ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકારમાં મંત્રી નંદ ગોપાલ ગુપ્તા નંદીની કંપનીના એકાઉન્ટન્ટ સાથે સાયબર ફ્રોડ કરવામાં આવ્યું છે. વાસ્તવમાં આ છેતરપિંડી મંત્રીના પુત્રના નામે કરવામાં આવી હતી. માહિતી અનુસાર, 'ઠગોએ ૨ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરી છે.' સાયબર ઠગોએ મંત્રી નંદ ગોપાલ ગુપ્તાના પુત્રનો ફોટો મુક્યો અને એકાઉન્ટન્ટને ત્રણ અલગ-અલગ બેંક ખાતામાં પૈસા મોકલવા કહ્યું. તમને જણાવી દઈએ કે આ ઘટના ૧૩ નવેમ્બરે બની હતી. આ દિવસે ગુંડાઓએ નંદ ગોપાલ ગુપ્તા નંદીના એકાઉન્ટન્ટ પાસેથી ૨ કરોડ ૮ લાખ રૂપિયાની સાયબર છેતરપિંડી કરી હતી. તમને જણાવી દઈએ કે એકાઉન્ટન્ટ રિતેશ શ્રીવાસ્તવને વોટ્સએપ પર એક મેસેજ મળ્યો હતો, જેના પર મંત્રી નંદીના પુત્રની તસવીર લગાવેલી હતી.વ્હોટ્સએપ પર મેસેજ મોકલનાર સાયબર ઠગએ કહ્યું, "મેસેજ મોકલો, હું એક મહત્વપૂર્ણ બિઝનેસ મીટિંગમાં છું. આ મારો નવો નંબર છે. તમે મીટિંગમાં ફોન પર વાત કરી શકતા નથી અને આ મીટિંગ લાંબી ચાલશે. કેટલાક લોકો માટે તરત જ ચુકવણી કરો." પૈસા મોકલો." મળતી માહિતી મુજબ, છેતરપિંડી કરનારે આ પૈસા ત્રણ અલગ-અલગ બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. છેતરપિંડી કરનારે આઈસીઆઈસીઆઈ બેંક,એચડીએફસી બેંક અને અન્ય બેંક ખાતામાં પૈસા માંગ્યા હતા. આ પછી મંત્રીની કંપનીના એકાઉન્ટન્ટે ૨ કરોડ ૮ લાખ રૂપિયા ત્રણ બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા.

## ન્યૂઝ બ્રિફ



### મોદીના વિમાનમાં ટેકનિકલ ખામી, દેવઘર એરપોર્ટ પર રોકવું પડ્યું

। દેવઘર, તા.૧૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી જેના કારણે તેમને થોડો સમય દેવઘર એરપોર્ટ પર રોકાવું પડ્યું હતું. પ્લેનમાં ખામીને કારણે તેમના દિલ્હી પરત ફરવામાં થોડો વિલંબ થયો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે ઝારખંડ-બિહાર સરહદે જમુઈની મુલાકાતે હતા અને દેવઘર એરપોર્ટથી દિલ્હી પાછા ફરવાનું હતું. પરંતુ, છેલ્લી ઘડીએ તેમના પ્લેનમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી જેના કારણે તેમને થોડો સમય દેવઘર એરપોર્ટ પર રોકાવું પડ્યું હતું. આ પહેલા, પીએમ મોદીએ આદિવાસી નેતા બિરસા મુંડાની જન્મજયંતિના અવસર પર બિહારના જમુઈથી રૂ. ૬,૬૪૦ કરોડની કિંમતની અનેક વિકાસ યોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કર્યું હતું. પીએમ મોદીએ જમુઈ જિલ્લાના એક દૂરના ગામમાં "આદિવાસી ગૌરવ દિવસ" નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

### નિમરત કૌરે ગુરુ નાનક જયંતિ પર ગુરુદ્વારાની મુલાકાત લીધી

। નવી દિલ્હી, તા.૧૫ ।

આજે ગુરુ પર્વ નિમિત્તે નિમરત કૌર ગુરુદ્વારા ગઈ હતી. જ્યાં તેની ઘણી તસવીરો તેના ચાહકોમાં ક્લિક થઈ અને હવે તેની આ તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. આ દરમિયાન નિમરત પંજાબી સ્ટાઈલમાં એમ્બ્રોઈડરી સૂટમાં જોવા મળી હતી.નિમરત કૌર દર વર્ષે ગુરુપૂર્વના અવસરે ગુરુદ્વારા જાય છે અને ત્યાં તેમની ભક્તિ પ્રમાણે સેવા કરે છે. આ વર્ષે પણ દર વખતની જેમ આ દિવસે પણ નિમ્રતે પહેલા ગુરુદ્વારાની મુલાકાત લીધી હતી અને બાદમાં ચાહકોમાં પ્રસાદ વહેંચ્યો હતો.આ દરમિયાન નિમ્રતે ખૂબ જ ક્યૂટ લાઈટ બ્લૂ કલરનો સૂટ પહેર્યો હતો. પંજાબી સ્ટાઈલના આ લુકમાં નિમરત ખૂબ જ સુંદર અને સુંદર લાગી રહી હતી. આ દરમિયાન નિમ્રતે પોતાનું માથું દુપટ્ટાથી ઢાંકી દીધું હતું. નિમરતનો આ સિમ્પલ અને સોબર લુક તેના ફેન્સને ખૂબ જ પસંદ આવી રહ્યો છે.ગુરુદ્વારામાં નમન કર્યા પછી, નિમરત કૌરે ત્યાં હાજર તમામ પાપારાઝીઓને ચા વહેંચી.

## ન્યુઝીલેન્ડના દિગ્ગજ ફાસ્ટ બોલર ટિમ સાઉથીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી

। નવીદિલ્હી,તા.૧૫ ।

ન્યુઝીલેન્ડના દિગ્ગજ ફાસ્ટ બોલર ટિમ સાઉથીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી છે. ૨૮ નવેમ્બરથી રમાનારી ઈંગ્લેન્ડ સામેની ૩ મેચની હોમ ટેસ્ટ સીરીઝ બાદ તેઓ તેમની ટેસ્ટ કારકિર્દીને વિરામ આપી દેશે. તેઓ તેમની છેલ્લી ટેસ્ટ મેચ હેમિલ્ટનમાં ૧૪ થી ૧૮ ડિસેમ્બરની વચ્ચે રમશે. ૩૫ વર્ષીય સાઉથીએ પોતાના કરિયરમાં કુલ ૧૧૨૪ વિકેટ લીધી છે.તેમણે ન્યૂઝીલેન્ડ માટે અત્યાર સુધીમાં કુલ ૧૦૪ ટેસ્ટ મેચ રમી છે. આ દરમિયાન તેમણે ૩૮૫ બેટ્સમેનોને આઉટ કર્યા છે.

## કેનેડામાં ધરપકડ કરાયેલા ખાલિસ્તાની અર્શ દલ્લાને ભારત લાવવામાં આવશે

। નવીદિલ્હી, તા.૧૫ ।

ઘોષિત ગુનેગાર અર્શ સિંહ ગિલ ઉર્ફે અર્શ દલ્લાની કેનેડામાં ધરપકડ કરવામાં આવી છે. અર્શ દલ્લાને ખાલિસ્તાન ટાઈગર ફોર્સનો ચીફ માનવામાં આવે છે. કેનેડિયન પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં પણ આ બાબતને વ્યાપક કવરેજ મળી રહ્યું છે. ભારતના વિદેશ મંત્રાલયના સત્તાવાર પ્રવક્તાએ આ ધરપકડ પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે ઓન્ટારિયો કોર્ટે આ કેસની સુનાવણી માટે તારીખ નક્કી કરી છે.સુત્રોના જણાવ્યા અનુસાર, ભારતની વિવિધ એજન્સીઓ હવે અર્શ દલ્લાના પ્રત્યાર્પણ માટે જરૂરી પગલાં લેશે. અર્શ દલ્લાના ભારતમાં ગુનાહિત રેકોર્ડ અને કેનેડામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં તેની સંડોવણીને જોતાં, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તેને ન્યાય માટે ભારત લાવવામાં આવશે.

અર્શ દલ્લાની ધરપકડના સમાચાર પર મીડિયાના પ્રશ્નોના જવાબમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, "અમે ૧૦ નવેમ્બરથી કેનેડામાં ખાલિસ્તાન ટાઈગર ફોર્સના ચીફની ધરપકડ અંગે મીડિયા પ્રસારણની નોંધ લીધી છે, જે ગુનેગાર અરશ સિંહ ગિલ ઉર્ફે ઘોષિત છે. અર્શ ડાલાએ ધરપકડ અંગે વ્યાપકપણે અહેવાલ આપ્યો છે.

### યોગી આદિત્યનાથે કહ્યું | ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી માટે "આદિવાસી ગૌરવ દિવસ" પર આંતરરાષ્ટ્રીય આદિવાસી ભાગીદારી ઉત્સવનું ઉદ્‌ઘાટન કર્યું

# 'આદિવાસી સમુદાય માતૃભૂમિ પ્રત્યે બલિદાન, વફાદારી અને બહાદુરીનો પ્રેરણા સ્ત્રોત છે'

। લખનૌ, તા.૧૫ ।

મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે આદિવાસી સમાજની ગૌરવપૂર્ણ સંસ્કૃતિ અને તેમની માતૃભૂમિ પ્રત્યેની અપાર વફાદારીને શ્રદ્ધાંજલિ આપતા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી માટે "આદિવાસી ગૌરવ દિવસ" પર આંતરરાષ્ટ્રીય આદિવાસી ભાગીદારી ઉત્સવનું ઉદ્‌ઘાટન કર્યું. લખનૌના ગોમતી નગરમાં આવેલી સંગીત નાટક એકેડમીમાં ૧૫ થી ૨૦ નવેમ્બર દરમિયાન આ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભારતના ૨૨ રાજ્યો તેમજ સ્લોવાકિયા અને



વિયેતનામના કલાકારો ભાગ લઈ રહ્યા છે.મુખ્યમંત્રીએ કહ્યું કે, માતૃભૂમિ પ્રત્યે આદિવાસી સમાજનું બલિદાન, વફાદારી અને બહાદુરી પ્રેરણાસ્ત્રોત છે. તેમણે કહ્યું કે, આદિવાસી સમાજ એ માત્ર ભારતનો મૂળભૂત સમુદાય નથી, પરંતુ આ સમુદાય માતૃભૂમિ પ્રત્યેની ઉચ્ચ લાગણીથી પ્રેરાઈને દેશની સેવા કરવા હંમેશા તત્પર રહ્યો છે.કાર્યક્રમને સંબોધતા મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે જ્યારે દેશ વિદેશી શક્તિની પકડમાં હતો, ત્યારે ભગવાન બિરસા મુંડાએ તેમના સમુદાયના અધિકારો અને સ્વતંત્રતાની સુરક્ષા માટે લડત આપી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૧૫ નવેમ્બરને આદિવાસી ગૌરવ દિવસ તરીકે ઉજવવાના નિર્ણયને આવકારતા તેમણે કહ્યું હતું કે સમગ્ર દેશમાં ભગવાન બિરસા મુંડાના બલિદાનને સન્માનિત કરવા માટે આ એક મહત્વપૂર્ણ પગલું છે. સીએમ યોગીએ કહ્યું કે આ ફેસ્ટિવલ દ્વારા દેશ અને રાજ્યના વિવિધ ભાગોમાંથી આદિવાસી સમુદાયના લોકો તેમની કલા અને પરંપરાઓ રજૂ કરશે. આ ઉત્સવ આદિવાસી સમાજના ગૌરવશાળી ઈતિહાસ, સંસ્કૃતિ અને જાળવણી તરફનો અનોખો પ્રયાસ છે.આદિવાસી સમાજના સશક્તિકરણ તરફ તેમની સરકારના પ્રયાસો પર ભાર મૂકતા, મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે કહ્યું કે ૨૦૧૭ માં રાજ્યમાં સરકાર બનાવ્યા પછી, તેમણે આદિવાસી સમુદાયની જરૂરિયાતોને પ્રાથમિકતા આપી કારણ કે અગાઉની સરકારોમાં આ સમુદાય વંચિત હતો.

લેબનોનમાં હિઝબુલ્લાહના ટાર્ગેટ પર સતત બોમ્બમારો

# બેરૂતમાં ઈઝરાયેલે બોમ્બ વરસાવ્યો । ૧૨ લેબનીઝ સહિત ૧૫ સીરીયનોના મોત

**આરોગ્ય મંત્રાલયે "લેબનીઝના સરકારી આરોગ્ય કેન્દ્ર પરના બર્બર હુમલાની" નિંદા કરી અને કહ્યું કે "બે કલાકથી પણ ઓછા સમયમાં આરોગ્ય કેન્દ્ર પર આ બીજો ઇઝરાયેલ હુમલો છે**



। બેરૂત,તા.૧૫ ।

ઈઝરાયેલ લેબનોનમાં હિઝબુલ્લાહના ટાર્ગેટ પર સતત બોમ્બમારો કરી રહ્યું છે. લેબનીઝ રાજધાની બેરૂતના પૂર્વી શહેર બાલબેકમાં સિવિલ ડિફેન્સ સેન્ટર પર ઈઝરાયેલ દ્વારા તાજા હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૨ બચાવ કર્મચારીઓ માર્યા ગયા છે. બચાવ કાર્યમાં લાગેલા અધિકારીઓએ આ અંગે માહિતી આપી છે. લેબનોન પર આ હવાઈ હુમલાના થોડા કલાકો પહેલા સીરિયાના સરકારી મીડિયાએ કહ્યું હતું કે ઈઝરાયેલના હુમલામાં તેના ૧૫ લોકો માર્યા ગયા છે. ઈઝરાયેલ તરફથી હજુ સુધી આ અંગે કંઈ કહેવામાં આવ્યું નથી.

લેબનીઝ કટોકટી કામદારો અંદર ફસાયેલા તેમના સાથીઓની શોધમાં ઈઝરાયેલી હુમલામાં નાશ પામેલા બચાવ કેન્દ્રમાંથી કાટમાળ સાફ કરવાનું કામ કરી રહ્યા છે. ઈઝરાયેલના આ હવાઈ હુમલામાં ઘણી ઈમારતોને પણ નુકસાન પહોંચ્યું છે. માનવામાં આવી રહ્યું છે કે હજુ પણ ઘણા લોકો કાટમાળ નીચે દટાયેલા હોઈ શકે છે. ઈઝરાયેલની સેનાએ આ હુમલા અંગે તાત્કાલિક કોઈ નિવેદન આપ્યું નથી.

લેબનોનના આરોગ્ય મંત્રાલયે "લેબનીઝના સરકારી આરોગ્ય કેન્દ્ર પરના બર્બર હુમલાની" નિંદા કરી અને કહ્યું કે "બે કલાકથી પણ ઓછા સમયમાં આરોગ્ય કેન્દ્ર પર આ બીજો ઈઝરાયેલ હુમલો છે." દમાસ્કસ અને આસપાસના વિસ્તારો પર હવાઈ હુમલા, ૧૫ લોકો માર્યા ગયા અને ૧૬ અન્ય ઘાયલ થયા

પીએમ મોદી ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ પર આદિવાસી ગૌરવ દિવસની ઉજવણીમાં ભાગ લીધો

# આઝાદી પછીના દાયકાઓમાં આદિવાસીઓના ઈતિહાસના અમૂલ્ય યોગદાનને ભૂંસી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો

**પીએમ મોદીએ કહ્યું કે આદિવાસી ગૌરવ દિવસ પર ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ભાગ લેવો મારા માટે ખૂબ જ સૌભાગ્યની વાત છે**



। પટણા, તા.૧૫ ।

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના અવસરે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આદિવાસી ગૌરવ દિવસ કાર્યક્રમમાં ભાગ લેવા બિહારના જમુઈ જિલ્લાની મુલાકાત લીધી હતી. પીએમ મોદી ભગવાન બિરસા મુંડાના સન્માનમાં સ્મારક સિક્કા અને ટપાલ ટિકિટનું પણ અનાવરણ કર્યું હતું આદિવાસી ગૌરવ દિવસના અવસરે, પીએમ મોદી આદિવાસી સમુદાયોના ઉત્થાન અને પ્રદેશના ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવાના ઉદ્દેશ્ય સાથે રૂ. ૬,૬૪૦ કરોડથી વધુની કિંમતની અનેક વિકાસ યોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો વડાપ્રધાન આદિવાસી સમુદાયોના સમૃદ્ધ ઈતિહાસ અને વારસાને જાળવવા માટે બે આદિવાસી સ્વતંત્રતા સેનાની સંગ્રહાલયો અને બે આદિજાતિ સંશોધન સંસ્થાઓનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આદિવાસી સમુદાયોના જીવનને સરળ બનાવવા માટે ઘણા પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે. વડાપ્રધાન પીએમ જનમન અંતર્ગત બનેલા ૧૧,૦૦૦ ઘરોના ગૃહ પ્રવેશમાં હાજરી આપી હતી જમુઈમાં આયોજિત કાર્યક્રમમાં પીએમ મોદીએ કહ્યું કે આદિવાસી ગૌરવ દિવસ પર ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ભાગ લેવો મારા માટે ખૂબ જ સૌભાગ્યની વાત છે. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું કે ભગવાન બિરસા મુંડાજીએ માતૃભૂમિના સન્માન અને ગૌરવની રક્ષા માટે સર્વસ્વ બલિદાન આપ્યું. તેમની જન્મજયંતિ 'આદિવાસી ગૌરવ દિવસ'ના શુભ અવસર પર તેમને મારી ખૂબ જ આદર. જમુઈની ધરતી તરફથી તમામ આદિવાસી ભાઈ-બહેનોને જય જોહર. આદિવાસી સમાજ એ જ છે જેણે રાજકુમાર રામને ભગવાન રામ બનાવ્યા. આદિવાસી સમાજ એ જ છે જેણે ભારતની સંસ્કૃતિ અને સ્વતંત્રતાના રક્ષણ માટે સેંકડો વર્ષો સુધી લડત ચલાવી હતી.પીએમ મોદીએ કહ્યું કે આઝાદી પછીના દાયકાઓમાં આદિવાસીઓના ઈતિહાસના અમૂલ્ય યોગદાનને ભૂંસી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો. તેની પાછળ પણ સ્વાર્થી રાજકારણ હતું.

## ન્યૂઝ બ્રિફ





દિલ-લુમિનાટી કોન્સર્ટ માટે હૈદરાબાદમાં

### દિલજીત દોષંજ મુશ્કેલીમાં, સરકારે નોટિસ પાઠવી ૩ ગીત પર રોક લગાવી

। નવીદિલ્હી, તા.૧૫ ।

પંજાબી સુપરસ્ટાર દિલજીત દોસાંઝ તેના દિલ-લુમિનાટી કોન્સર્ટ માટે હૈદરાબાદમાં છે અને ત્યાં આજે ૧૫ નવેમ્બરે દિલજીતનો કોન્સર્ટ યોજાવા જઈ રહ્યો છે. આ કોન્સર્ટ પહેલા મોત સમાચાર સામે આવ્યા છે, તેલંગાણા સરકારે દિલ-લુમિનાટી કોન્સર્ટના આયોજકોને નોટિસ જારી કરી છે.પંજાબી ગાયક અને અભિનેતા દિલજીત દોસાંઝ આ દિવસોમાં તેની 'દિલ-લુમિનાટી ટૂર'ને કારણે ઘણા ચર્ચામાં છે અને તેના કોન્સર્ટના ઘણા ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.દિલજીત દોસાંઝનો આગામી કોન્સર્ટ હૈદરાબાદમાં યોજાવા જઈ રહ્યો છે, જેને લઈને તેના ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે. જો કે આ કોન્સર્ટ પહેલા જ તેલંગાણા સરકાર દ્વારા ગાયકને નોટિસ જારી કરવામાં આવી છે. તેલંગાણા સરકારે જે નોટિસ આપી છે તેમ કહેવામાં આવ્યું છે કે કોન્સર્ટમાં દારૂ, ડ્રગ્સ અને હિંસાને પ્રોત્સાહન આપતા ગીતો ગાવામાં આવશે નહીં.



### બોડી અને માઇન્ડ પરફેક્ટ હશે તો ડિપ્રેશન નહીં આવે : સારા અલી ખાન

। મુંબઇ, તા.૧૫ ।

બોલિવૂડમાં આંગળીના વેઢે ગણી શકાય એટલી જ ફિલ્મો સારા અલી ખાને કરી છે. જેમાંથી માંડ બે જ ફિલ્મો સારા અલી ખાનની હિટ રહી છે. જોકે, તેમ છંતા પણ તેમની પાસે હજી પાઈપલાઈનમાં કેટલાક ફિલ્મી પ્રોજેક્ટ્સ છે, જેનાથી તેઓ ટોપ ટેન બોલિવૂડ એક્ટ્રેસીસમાં સમાવેશ પામી શકે છે.તેમણે જ્યારથી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું છે ત્યારથી જ તેઓ બોલિવૂડમાં પોતાની અલગ ઓળખાણ ઊભી કરવાના અડીખમ પ્રયત્નો કરતા આવ્યાં છે. તેમણે અત્યાર સુધી અલગ અલગ જોનરની ફિલ્મો પણ ટ્રાય કરી અને અંતે ઓટીટીમાં પણ ઝંપલાવ્યું છે. તેમ છતાં તેમને જોઈએ એવી સક્સેસ હજી પણ મળી નથી.સારા અલી ખાને વર્ષ ૨૦૧૮માં ફિલ્મ લ્લકેદારનાથ' કરી હતી. ત્યારબાદ લ્લસિંબા' નામની ફિલ્મ કરી હતી. આ બંને ફિલ્મોએ બોક્સ ઓફિસમાં ભારે કમાણી કરી હતી. અલબત્ત, આ બંને ફિલ્મો હિટ જવાથી સારા અલી ખાન બોલિવૂડમાં ટોપ ટેન એક્ટ્રેસીસમાં નામ કમાશે એવી અટકળો પણ ચાલતી હતી.

## ઓસ્ટ્રેલિયામાં ટીમ ઈન્ડિયા પર પડ્યો મુસીબતોનો પહાડ, પર્થ ટેસ્ટ પહેલા ૨ ખેલાડી ઘાયલ

। મુંબઇ, તા.૧૫ ।

ભારતીય ક્રિકેટ ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે અને પર્થમાં પ્રથમ ટેસ્ટ મેચની તૈયારી કરી રહી છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૨૨ નવેમ્બરથી ટેસ્ટ શ્રેણી શરૂ થશે જેમાં ૫ મેચ રમાશે. આ શ્રેણીની પહેલી જ મેચ પર્થ સ્ટેડિયમની ઝડપી અને ઉછાળવાળી પીચ પર રમાશે, જેની તૈયારી માટે ટીમ ઈન્ડિયા ઘણો પરસેવો પાડી રહી છે. જોકે, ઓસ્ટ્રેલિયા પહોંચ્યા બાદથી ટીમ ઈન્ડિયાને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે.વાસ્તવમાં, ટીમ ઈન્ડિયાના મિડલ ઓર્ડર બેટ્સમેન સરફરાઝ ખાનને ગુરુવાર, ૧૪ નવેમ્બરના રોજ ડબ્લ્યુએસીએ ખાતે ભારતના પ્રેક્ટિસ સેશન દરમિયાન નેટ્સમાં બેટિંગ કરતી વખતે કોણીમાં ઈજા થઈ હતી. 'ફોક્સ ક્રિકેટ' દ્વારા પોસ્ટ કરવામાં આવેલા વિડિયોમાં, સરફરાઝ નેટમાંથી બહાર નીકળતી વખતે તેનો જમણો હાથ પકડેલો જોવા મળ્યો હતો. આ દરમિયાન તે થોડો અસહજ દેખાઈ રહ્યો હતો. જોકે, એવું જાણવા મળ્યું છે કે ઈજા ગંભીર નથી અને બેટ્સમેનને એમઆરઆઈ કરાવવાની જરૂર નથી.

બ્રિટનમાં રહેતા હિંદુઓએ

## ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં કાશ્મીર પરની ચર્ચા સામે સખત વાંધો વ્યક્ત કર્યો

**બ્રિટનમાં રહેતા હિન્દુઓએ આ અંગે ઓક્સફર્ડ યુનિયન સોસાયટીને પત્ર લખ્યો છે, પત્રમાં ચર્ચાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી**

। લંડન,તા.૧૫ ।

બ્રિટનમાં રહેતા હિંદુઓએ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં કાશ્મીર પરની ચર્ચા સામે સખત વાંધો વ્યક્ત કર્યો હતો અને ચર્ચા દરમિયાન હોબાળો મચાવ્યો હતો. બ્રિટનમાં રહેતા હિન્દુઓએ આ અંગે ઓક્સફર્ડ યુનિયન સોસાયટીને પત્ર લખ્યો છે. પત્રમાં ચર્ચાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ચર્ચાનું શીર્ષક હતું, આ ગૃહ આઝાદ કાશ્મીરને સમર્થન આપે છે. આ મુદ્દા પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા કારણ કે ચર્ચામાં ભાગ લઈ રહેલા બે વક્તા આતંકવાદી જૂથો સાથે સંકળાયેલા છે.હિંદુઓની હિમાયત કરતી સંસ્થા સોશિયલ મૂવમેન્ટે યુનિવર્સિટી પ્રશાસનને લખેલા પત્રમાં જણાવ્યું છે કે બે વક્તા મુઝમ્મિલ અય્યુબ ઠાકુર અને ઝફર ખાનને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ બંને વક્તાઓ આતંકવાદીઓ સાથે કનેક્શન ધરાવે છે. સંગઠને કહ્યું કે મુઝમ્મિલ પર નફરતભર્યા ભાષણ આપવાનો આરોપ છે. આ સાથે તેના એવા સંગઠનો સાથે કનેક્શન છે જેની કડીઓ સીધી આતંકવાદીઓ સાથે જોડાયેલી છે.ઠાકુરે તેમની સંસ્થા વર્લ્ડ કાશ્મીર ફ્રીડમ મૂવમેન્ટના કામ પર પણ ભાર મૂક્યો હતો. મુઝમ્મિલ કાશ્મીર ફ્રીડમ મૂવમેન્ટ અને મર્સી યુનિવર્સલના પ્રમુખ છે. જેની શરૂઆત તેના પિતાએ કરી હતી. સ્કોટલેન્ડ યાર્ડ અને એફબીઆઈ જેવી બ્રિટનની એજન્સીઓ દ્વારા આ બંને સંસ્થાઓની તપાસ કરવામાં આવી છે.આ સાથે પત્રમાં લખવામાં આવ્યું હતું કે મુઝમ્મિલ અય્યુબ નફરતભર્યા ભાષણો આપે છે, તેની સામે ઘણા કેસ પણ નોંધાયેલા છે.

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનએ

# ડીઆરડીઓના પિનાકા રોકેટનું સફળ પરીક્ષણ, રોકેટ સાથે અનેક લક્ષ્યો ઉપર છોડવામાં આવ્યા

**પરીક્ષણ પ્રોવિઝનલ સ્ટાફ ક્વોલિટેટીવ જરૂરીયાતો માન્યતા અજમાયશનો ભાગ હતો વિવિધ ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં ત્રણ તબક્કામાં ફ્લાઇટ પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું**



। નવીદિલ્હી, તા.૧૫ ।

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન એ ગાઈડેડ પિનાકા વેપન સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ પૂર્ણ કર્યું છે. આ પરીક્ષણ પ્રોવિઝનલ સ્ટાફ ક્વોલિટેટીવ જરૂરીયાતો માન્યતા અજમાયશનો ભાગ હતો. વિવિધ ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં ત્રણ તબક્કામાં ફ્લાઈટ પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. આ પરીક્ષણો દરમિયાન મોટા પાયે રોકેટનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન પીએસકયુઆર ધોરણો જેમ કે શ્રેણી, ચોકસાઈ, સ્થિરતા અને સાલ્વો મોડ (સાલ્વો એ આર્ટિલરીનો એકસાથે ઉપયોગ છે અથવા તોપોનો ગોળીબાર જેમાં લક્ષ્યને જોડવા માટે ફાયરિંગ સામેલ છે)નું મૂલ્યાંકન બહુવિધ લક્ષ્યો પર ફાયર રેટ તરીકે કરવામાં આવ્યું હતું. દરેક પ્રોડક્શન એજન્સીના બાર (૧૨) રોકેટનું પરીક્ષણ લોન્ચર પ્રોડક્શન એજન્સીઓ દ્વારા અપગ્રેડ કરાયેલા બે ઈન-સર્વિસ પિનાકા લોન્ચર્સથી કરવામાં આવ્યું હતું.પિનાકા મલ્ટિપલ લૉન્ચ રોકેટ સિસ્ટમ માટે પ્રિસિઝન સ્ટ્રાઈક વેરિઅન્ટ એ આર્મમેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ દ્વારા રિસર્ચ સેન્ટર બિલ્ડિંગ, ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી, હાઈ એનર્જી મટિરિયલ્સ રિસર્ચ લેબોરેટરી અને પ્રૂફ અને એક્સપેરિમેન્ટલ એસ્ટાબ્લિશમેન્ટ દ્વારા વિકસિત સંપૂર્ણપણે સ્વદેશી હથિયાર સિસ્ટમ છે. ડિઝાઈન અને વિકસિત. તે દારૂગોળો માટે મ્યુનિશન્સ ઈન્ડિયા લિમિટેડ અને ઈકોનોમિક એક્સપ્લોસિવ્સ લિમિટેડ અને ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ અને લાર્સન એન્ડ ટુબ્રો દ્વારા પિનાકા લોન્ચર અને બેટરી કમાન્ડ પોસ્ટ માટે યોગદાન આપવામાં આવ્યું છે.

## દિસનાયકેની આગેવાની હેઠળની એનપીપીને શ્રીલંકાની સંસદીય ચૂંટણીમાં બહુમતી મળી

। કોલંબો, તા.૧૫ ।

શ્રીલંકાના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર પરિણામો અનુસાર રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેની પાર્ટી 'નેશનલ પીપલ્સ પાવર' એ સંસદમાં બહુમતી જીતી લીધી છે. માલિમાવા (કંપાસ) ચિન્હ હેઠળ ચૂંટણી લડનાર ફ્રંએ ૨૨૫ સભ્યોની સંસદમાં ૧૧૩ બેઠકો મેળવી છે, એમ શ્રીલંકાની વેબસાઈટના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર.એનપીપીને ૬૮ લાખ એટલે કે ૬૧ ટકા વોટ મળ્યા છે. મુખ્ય વિપક્ષી દળ સામગી જન બાલાવેગયા અને પૂર્વ રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે સમર્થિત નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટને અનુક્રમે ૧૧ અને પાંચ ટકા મત મળ્યા હતા.

## મારા માટે, તે એક સામાન્ય દાદા છે : ટ્રમ્પની પૌત્રી કાઈ ટ્રમ્પ

। વોશિંગ્ટન,તા.૧૫ ।

ભૂતપૂર્વ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પૌત્રી કાઈ ટ્રમ્પે એ તેના ગ્રાન્ડ પા ટ્રમ્પને ચૂંટણી જીતવાને લઈને અભિનંદન પાઠવ્યા હતા. રિપબ્લિક નેતા યુએસ પ્રમુખપદની ચૂંટણીમાં ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને હરાવી ચૂંટણીમાં જીત મેળવી હતી.કાઈ મેડિસન ટ્રમ્પ, ડોનાલ્ડ ટ્રમ્પની પ્રથમ પૌત્રી અને ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર અને વેનેસા ટ્રમ્પની પુત્રી છે. જુલાઈમાં રિપબ્લિકન નેશનલ કન્વેન્શનમાં તેની તેના ગ્રાન્ડ પા માટેની સ્પિચે હેડલાઈન્સ બનાવી હતી, જ્યાં તેણીએ ૭૮ વર્ષીય ટ્રમ્પના જીવનના એક અલગ પાસા પર પ્રકાશ પાડ્યો હતો ત્યારે લોકો તેને જોતા જ રહી ગયા.તેણે કહ્યુ મારા દાદાની એક અલગ બાજુ શેર કરવા માટે બોલી રહી છું જે લોકો વારંવાર જોતા નથી," તેણીએ કહ્યું. "મારા માટે, તે એક સામાન્ય દાદા છે. જ્યારે અમારા માતા-પિતા ન જોતા હોય ત્યારે તે અમને કેન્ડી અને સોડા આપાવે છે. તે હંમેશા જાણવા માંગે છે કે અમે શાળામાં કેવું કરી રહ્યા છીએ." તેમજ તેણે કહ્યું કે તેના દાદા જેટલી મહેનત કરે છે તેટલી મહેનત કોઈ નથી કરી શકતું.

ફોર્ચ્યુન મેગેઝિનની ૧૦૦ સૌથી શક્તિશાળી ઉદ્યોગપતિઓમાં

આમાં ભારતીય મૂળના અન્ય છ લોકોનો પણ સમાવેશ થાય છે, જેઓ વિદેશમાં સ્થાયી થયા છે, આ લોકો મોટા ઉદ્યોગોના સ્થાપક, ચીફ એક્ઝિક્યુટિવ અને ઇનોવેટર્સ છે

# 'પાવરફુલ બિઝનેસમેન ૨૦૨૪'ની યાદીમાં સામેલ થનાર અંબાણી એકમાત્ર ભારતીય




। નવીદિલ્હી,તા.૧૫ ।

ફોર્ચ્યુન મેગેઝિનની યાદીમાં વિશ્વના ૧૦૦ સૌથી શક્તિશાળી ઉદ્યોગપતિઓમાં મુકેશ અંબાણી એકમાત્ર ભારતીય છે. આ યાદીમાં સત્ય નડેલા અને સુંદર પિચાઈ પણ સામેલ છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી વિશ્વના ૧૦૦ સૌથી શક્તિશાળી ઉદ્યોગપતિઓમાં સામેલ છે. 'ફોર્ચ્યુન મેગેઝિનના પાવરફુલ બિઝનેસમેન ૨૦૨૪'ની યાદીમાં સામેલ થનાર અંબાણી એકમાત્ર ભારતીય છે.આમાં ભારતીય મૂળના અન્ય છ લોકોનો પણ સમાવેશ થાય છે, જેઓ વિદેશમાં સ્થાયી થયા છે. આ લોકો મોટા ઉદ્યોગોના સ્થાપક, ચીફ એક્ઝિક્યુટિવ અને ઈનોવેટર્સ છે.ફોર્ચ્યુને હાલમાં જ આ યાદી બહાર પાડી છે. જેમાં અંબાણી ૧૨મા સ્થાને છે. ફોર્બ્સ અનુસાર, અંબાણી એશિયા અને ભારતના સૌથી ધનિક વ્યક્તિ છે, જેમની કુલ સંપત્તિ લગભગ રૂ. ૭.૬ લાખ કરોડ (ઈ૯૮ બિલિયન) છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની માર્કેટ કેપિટલ (માર્કેટ કેપ) ૧૩ નવેમ્બર ૨૦૨૪ના રોજ ૧૬.૯૬ લાખ કરોડ રૂપિયા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પેટ્રોકેમિકલ્સ, રિટેલ, મનોરંજન, ટેલિકોમ અને અન્ય ક્ષેત્રોમાં કાર્યરત છે.અંબાણી પરિવાર આગામી પેઢીને તેમના બિઝનેસ સામ્રાજ્યના વારસામાં નિયુક્ત કરવા માટે કામ કરી રહ્યું છે. તેમના મોટા પુત્ર આકાશ અંબાણી રિલાયન્સ જિયોના ચેરમેન છે. નાનો પુત્ર અનંત અંબાણી ઉર્જા ક્ષેત્રમાં કામ કરે છે. જ્યારે પુત્રી ઈશા અંબાણી રિલાયન્સ રિટેલનું નેતૃત્વ કરી રહી છે. રિલાયન્સ રિટેલે ૧૪ નવેમ્બરના રોજ તેના ફેશન સ્ટોર કેન્દ્રોને અસ્થાયી રૂપે બંધ કરવાની જાહેરાત કરી હતી. દેશભરમાં કુલ ૩૩ ફેશન સ્ટોર સેન્ટર છે.

બાંગ્લાદેશમાં કટ્ટરવાદ પ્રબળ | બાંગ્લાદેશના ટોચના કાયદા અધિકારીએ દેશના બંધારણમાંથી બિનસાંપ્રદાયિક અને સમાજવાદી શબ્દો હટાવવાનો પ્રસ્તાવ મૂક્યો

# પડોશી દેશ બાંગ્લાદેશના બંધારણમાંથી 'સેક્યુલર' શબ્દ હટાવવાનો પ્રસ્તાવ



। ઢાકા,તા.૧૫ ।

શેખ હસીનાની સરકારને ઉથલાવી દીધા બાદ બાંગ્લાદેશમાં કટ્ટરવાદ પ્રબળ બની રહ્યો છે. બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મુહમ્મદ યુનુસ એક પછી એક એવા નિર્ણયો લઈ રહ્યા છે જે બાંગ્લાદેશની સ્થાપના સમયે તેની મૂળ ભાવનાની વિરુદ્ધ છે. આ સાથે જ હવે બાંગ્લાદેશ પણ પોતાને ઈસ્લામિક દેશ જાહેર કરે તેવી શક્યતા છે. બાંગ્લાદેશના ટોચના કાયદા અધિકારીએ દેશના બંધારણમાંથી બિનસાંપ્રદાયિક અને સમાજવાદી શબ્દો હટાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

બાંગ્લાદેશના એટર્ની જનરલ મોહમ્મદ અસઝમાને એક રિટ અરજી પર સુનાવણી દરમિયાન કોર્ટમાં અનેક દલીલો કરી છે. એટર્ની જનરલે બાંગ્લાદેશના બંધારણના ચારમાંથી બે સિદ્ધાંતો એટલે કે ધર્મનિરપેક્ષતા અને સમાજવાદને દૂર કરવાની માંગ કરી છે. આ સાથે શેખ મુજીબુર રહેમાનના રાષ્ટ્રપિતાનો દરજ્જો નાબૂદ કરવાની પણ માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત બંધારણ બહારના માધ્યમથી સરકાર બદલવા માટે ફાંસીની સજાની જોગવાઈ કરવાની માંગ કરવામાં આવી હતી.બાંગ્લાદેશની કોર્ટમાં દાખલ કરાયેલી રિટ પિટિશનમાં તત્કાલિન શેખ હસીના સરકાર દ્વારા ૨૦૧૧માં કરાયેલા બંધારણના ૧૫મા સુધારાની માન્યતાને પડકારવામાં આવી છે. આ સુધારામાં બિનસાંપ્રદાયિકતા પુનઃસ્થાપિત કરવા, ચૂંટણીઓ પર દેખરેખ રાખવા માટે વચગાળાની સરકારની પ્રણાલીને નાબૂદ કરવા, બંધારણ સિવાયના માધ્યમથી સત્તા સંભાળવા અને શેખ મુજીબુર રહેમાનને રાષ્ટ્રપિતાનો દરજ્જો આપવાનો સમાવેશ થાય છે. કોર્ટમાં એવી દલીલ કરવામાં આવી છે કે શેખ મુજીબુર રહેમાન બાંગ્લાદેશના નેતા હતા. જોકે, અવામી લીગ પાર્ટીએ પોતાના હિતમાં તેમનું રાજનીતિકરણ કર્યું છે.

## રાજકોટમાં ડેન્ગ્યુથી ૨ લોકોના મોત, ગયા વર્ષ કરતા વધુ કેસ નોંધાયા

। રાજકોટ,તા.૧૫ ।

ગુજરાતમાં બેવડી ઋતુઓના કારણે રોગચાળો વકર્યો છે. ચોમાસુ બાદ સામાન્ય રીતે ડેન્ગ્યુના કેસમાં વધારો થાય છે. પરંતુ આ વર્ષે ડેન્ગ્યુ જીવલેણ સાબિત થઈ રહ્યો છે. રાજકોટમાં છેલ્લા ૨ દિવસમાં ડેન્ગ્યુના કારણે બે લોકોના મોત થયા હતા. આરોગ્ય વિભાગના સરવે પ્રમાણે આ વખતે ડેન્ગ્યુ પ્રાણઘાતક સાબિત થયો હતો. આરોગ્ય વિભાગ અનુસાર ડેન્ગ્યુ દર ત્રણ વર્ષે તેની પેટર્ન બદલે છે. દર ત્રણ વર્ષે તે વધુ આક્રમક બને છે. અગાઉ વર્ષ ૨૦૧૮, ત્યારબાદ વર્ષ ૨૦૨૧ અને હવે ચાલુ વર્ષ એટલે કે ૨૦૨૪માં ડેન્ગ્યુના કેસ વધ્યા છે.ડેન્ગ્યુના લક્ષણની વાત કરીએ તો શરીરમાં દુખાવો, ઉલ્ટી, પેટમાં દુખાવો અને સ્નાયુમાં દુખાવો થવો. જે બાદ આંખોમાં દુખાવો, નાક અને મોંમાંથી લોહી પણ નીકળવું એ પણ લક્ષણ જણાય છે. હાઈ બીપી અને પ્લેટલેટ્સ ઝડપથી ઘટવા લાગે છે.

### જન સભામાં મુંબઈ મહાનગરના ૧૪૦થી વધુ ગુજરાતી સમાજ સંગઠનોના પ્રતિનિધિઓ જોડાવાના

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે મુંબઈના ચૂંટણી પ્રવાસે જશે । ચાર ચુનાણી સભાઓનું આયોજન

### જોગેશ્વરી વેસ્ટમાં ગુજરાત ભવન ખાતે બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ આયોજિત જનસભામાં ઉપસ્થિત રહેશે

। માહિતી બ્યુરો,ગાંધીનગર,તા.૧૫ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ શનિવાર તા. ૧૬મી નવેમ્બરે મુંબઈના ચૂંટણી પ્રવાસે જશે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પ્રચાર અંતર્ગત મુખ્યમંત્રી મુંબઈ મહાનગરમાં તેમના પ્રવાસ દરમિયાન એક જ દિવસમાં ચાર જનસભાઓને સંબોધન કરવાના છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ શનિવારે સવારે ૧૦ વાગ્યે દહીસર વિધાનસભા વિસ્તારમાં ગુજરાતી બિઝનેસ કમ્યુનિટી સાથે "ચાય પે ચર્ચા"માં સહભાગી થઈને મુંબઈમાં તેમના ચૂંટણી પ્રચાર અભિયાનનો પ્રારંભ કરશે.તેમના આ પ્રવાસ દરમિયાન બાંદ્રા કુર્લા ભારત ડાયમંડ બુર્સ ખાતે જેમ્સ



એન્ડ જ્વેલરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સભ્યો સાથે પણ મુખ્યમંત્રી સંવાદ-વાર્તાલાપ કરવાના છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ત્યારબાદ બપોરે જોગેશ્વરી વેસ્ટમાં ગુજરાત ભવન ખાતે બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ આયોજિત જનસભામાં ઉપસ્થિત રહેશે.આ જન સભામાં મુંબઈ મહાનગરના ૧૪૦થી વધુ ગુજરાતી સમાજ સંગઠનોના પ્રતિનિધિઓ જોડાવાના છે. ભૂપેન્દ્ર પટેલ મુંબઈમાં શનિવારે સાંજે વર્સોવા વિધાનસભા બેઠકના ઉમેદવારના સમર્થનમાં મહાડા ગ્રાઉન્ડ, ઓશીવારા મેટ્રો સ્ટેશન જોગેશ્વરી વેસ્ટમાં આયોજિત સભામાં સંબોધન કરશે. ત્યાર બાદ તેઓ અંધેરી વિધાનસભા મત ક્ષેત્રના ઉમેદવારના સમર્થનમાં રામ મંદિર, મરોલ, અંધેરી ખાતે સભા સંબોધશે.મુખ્યમંત્રી આ સભા પૂર્ણ કરીને ઘાટકોપર ઈસ્ટ વિધાનસભા મત ક્ષેત્રના ઉમેદવારના સમર્થનમાં જનસભાને પોલીસ હોકી ગ્રાઉન્ડ ખાતે સંબોધન કરવાના છે.મુખ્યમંત્રી મહારાષ્ટ્ર વિધાન સભાની આગામી સમયમાં યોજાનારી ચૂંટણીઓના ઝંઝાવાતી પ્રચાર અંતર્ગત એક જ દિવસમાં ચાર જન સભાઓને સંબોધન કરીને શનિવારે મોડી રાત્રે ગાંધીનગર પરત આવશે.

### ગુરુવારે અમદાવાદનું લઘુત્તમ તાપમાન ૨૦.૮ ડિગ્રી નોંધાયું હતું

### હાલમાં રાજ્યમાં સરેરાશ લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીની આસપાસ નોંધાયું છે, જ્યારે કેશોદમાં લઘુત્તમ તાપમાન ૧૭.૫ ડિગ્રી નોંધાયું હતું જે રાજ્યનું સૌથી નીચું તાપમાન છે

# ગુજરાતમાં ઠંડીનો હવે નીચો જતો પારો, લઘુત્તમ તાપમાનમાં ઉત્તરોતર ઘટાડો

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૫ ।

ગુજરાતમાં હવે શિયાળાની શરૂઆત થઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. રાજ્યમાં ઠંડીનું પ્રમાણ દિવસેને દિવસે વધી રહ્યું છે. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોમાં તાપ માનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થયો છે. હાલમાં રાજ્યમાં સરેરાશ લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીની આસપાસ નોંધાયું છે. જ્યારે કેશોદમાં લઘુત્તમ તાપ માન ૧૭.૫ ડિગ્રી નોંધાયું હતું જે રાજ્યનું સૌથી નીચું તાપમાન છે.ગુજરાતમાં ઠંડી વધી રહી છે ત્યારે રાજ્યમાં લઘુત્તમ તાપમાન ૧૭.૫ ડિગ્રીથી ૨૫.૬ ડિગ્રી નોંધાયું હતું. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીની આસપાસ નોંધાયું હતું. લઘુત્તમ તાપમાન ૧૭.૫ ડિગ્રી સેલ્સિયસ સાથે કેશોદ ગુજરાતનું સૌથી ઠંડુ શહેર હતું.

આ ઉપરાંત ઓખામાં લઘુત્તમ તાપમાન ૨૫.૬ ડિગ્રી નોંધાયું હતું.રાજ્યમાં ઘટતા તાપમાનની સાથે અમદાવાદ શહેરનું તાપમાન પણ ઘટી રહ્યું છે. અને વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. જો કે, બપોરના સમયે હજુ પણ ગરમી છે. જો કે, તાપમાનમાં એકંદરે ઠંડકના કારણે લોકોને ગરમીમાંથી થોડી રાહત મળી છે. અમદાવાદ શહેરમાં સવારે અને મોડી સાંજે ઠંડીનો અહેસાસ થવા લાગ્યો છે.








ગ્રામ્ય વિસ્તારના પત્રકારો માટે ઝડપી લેવા જેવી તક

અમદાવાદમાં
ન્યૂઝ મીડિયા ક્ષેત્રે
કરિયર બનાવો

ગુજરાતી ભાષામાં પ્રભુત્વ ધરાવતા અને મેટ્રો શહેર અમદાવાદમાં મીડિયા ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા પત્રકારો, કોપી એડિટર, સબ એડિટર, પેજમેકર, ડીઝાઈનર સહિતના મીડિયા કર્મચારીઓને લોક પત્રિકા દૈનિક આવકારે છે

છ મહિના સુધી પ્રિન્ટ અને ઈલેક્ટ્રિક મીડિયાની ટ્રેનિંગ આપવામાં આવશે

ગુજરાતના વિવિધ જિલ્લાના સ્થાનિક લોકલ ન્યૂઝ પેપર, યૂટ્યૂબ અથવા લોકલ ચેનલમાં કામ કરતા પત્રકાર મિત્રો માટે સુવર્ણ તક..

લોક પત્રિકા
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
સંપર્ક । 98252 52125

વધુ માહિતી માટે અમારે વેબસાઈટની મુલાકાત લો... www.lokpatrika.in












**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya